MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર

www.vognewslive.com | /vognewslive

બેસ્ટ ન્યુઝપેપર ઈન ટાઉન એવોર્ડ વિજેતા ઘાટકોપરનું પ્રિમીયમ ન્યુઝપેપર

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 13 ● અંક : 34 ● સળંગ અંક : 521 ● મુંબઈ ● શુક્રવાર ● તા.11 સપ્ટેમ્બર – 17 સપ્ટેમ્બર 2020 ● પાના : 16 ● કિંમત રૂા.4

# ઘાટકોપર હિંદુ સ્મશાનભૂમિની ગેસદાહિની ફરી બંધ

## કોરોના સંક્રમિત મૃતદેહો વધતા મે માસમાં પણ ગેસદાહિની બંધ પડી હતી, ત્યાર બાદ પણ હિંદુ સ્મશાનભૂમિ ટ્રસ્ટ અને મનપાએ બોધ ન લેતા ફરી ગેસદાહિની સપ્ટેમ્બર માસના શરૂઆતમાં જ ખોડંગાઈ






**જતીન કોઠારી**
**વોઈસ ઓફ ઘાટકોપર**

ઘાટકોપર હિંદુ સ્મશાનભૂમિ વિવિધ કારણોસર સતત સમાચારમાં રહે છે. મુખ્યત્વે ઘાટકોપર હિંદુ સ્મશાનભૂમિમાં જરૂરી સગવડતાઓનો અભાવ તથા સમયાંતરે ન કરાતા અપગ્રેડેશનને લીધે વારંવાર બંધ થતી સેવાઓને લીધે નાગરિકો હેરાનગતિ અનુભવે છે. મહાનગરપાલિકા તથા હિંદુ સ્મશાનભૂમિ ટ્રસ્ટ દ્વારા વારંવારની તકલીફો અંગે પૂરતું ધ્યાન ન અપાતું હોવાથી સ્મશાનભૂમિની સમસ્યાઓ જેમની તેમ વર્ષોથી ચાલી રહી છે.

કોરોના મહામારીની એપ્રિલ માસથી શરૂ થયેલી તકલીફો સમયે જાહેર કરાયા મુજબ કોવિડ-૧૯ના મૃતદેહોને ગેસદાહિનીમાં અંતિમ સંસ્કાર કરવા. કોરોનાના મૃત્યુના વધતા કેસોને લીધે વોઈસ ઓફ ઘાટકોપર દ્વારા મે માસમાં જ ગેસદાહિની પર ભાર વધતા ગમે તે ઘડીએ બંધ પડી શકે છે તેવા સમાચાર પ્રગટ કરાયા હતા અને મે માસમાં ચેમ્બુર અને ઘાટકોપર બંને સ્મશાનભૂમિની ગેસદાહિનીઓ બંધ થઈ હતી ત્યારે સ્મશાનભૂમિના સંચાલકો અને મનપા દ્વારા એવું જણાવવામાં આવ્યું હતું કે ગેસદાહિની પર દરરોજ વધુ લોડ આવી રહ્યો હોવાથી આ બન્યું છે પણ તે ઘટનાથી બોધ ન લઈ જરૂરી વ્યવસ્થા ત્યારબાદ પણ ન કરાતા સપ્ટેમ્બર માસના શરૂઆતમાં જ ફરી ઘાટકોપર હિંદુ સ્મશાનભૂમિની ગેસદાહિની બંધ પડી છે.

ગેસદાહિની બંધ પડવાને પરિણામે કોવિડ-૧૯ના મૃતદેહો અને અન્ય મૃતદેહો એકસાથે લાકડામાં અંતિમ સંસ્કાર કરવા પડે છે. ઘાટકોપરના જાગૃત નાગરિકો દ્વારા આ અંગે સોશ્યલ મિડીયા પર રોષ વ્યક્ત કરતા જાણવા મળ્યું કે અમુક દિવસે કોરોના સંક્રમિત મૃતદેહો અને અન્ય મૃતદેહો માટે ખૂબ લાંબી કતારો થાય છે જેને લીધે અંતિમ સંસ્કાર માટે ખૂબ રાહ જોવી પડે છે.

**ઘાટકોપરમાં કોરોનાના કેસ ૮૦૦૦ને પાર**

# ઘાટકોપર એન વોર્ડમાં રેસીડેન્શીયલ ૪૭૧ ઈમારતો કોરોના કેસ મળતા સીલ

ઘાટકોપર એન વોર્ડમાં મુંબઈના અન્ય પરાંઓની જેમ ફરી કોરોના કેસ વધતા સ્થાનિક આગેવાનો અને લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ૮ સપ્ટેમ્બર પર્યંત ઘાટકોપરમાં ૮૦૫૪ કેસ કોરોનાના પોઝિટીવ આવ્યા છે. આ સંપૂર્ણ પરિસ્થિતી જોતા લાગી રહ્યું છે કે કોરોનાના કેસ આવનારા બે માસ દરમ્યાન પણ વધશે જેનું મુખ્ય કારણ તાજેતરના ગણેશોત્સવ દરમ્યાન ન પાળવામાં આવેલ સોશ્યલ ડિસ્ટન્સીંગ માનવામાં આવી રહ્યું છે. જાણકારોના મતે સપ્ટેમ્બર અને ઓક્ટોબર આ બે ખૂબ મહત્વના મહિનાઓ છે અને આ બે માસ દરમ્યાન જો પૂરતી કાળજી લેવામાં નહીં આવે તો કેસ વધી શકે છે.




**ઘાટકોપરની જાણીતી ફેન્કી ફાસ્ટ ફુડની બહાર સોશ્યલ ડીસ્ટન્સીંગ વગર જમા થયેલ ભીડનો ફોટો સોશ્યલ મીડીયામાં ખૂબ વાયરલ થયો હતો.**

ઘાટકોપરમાં ૪૨૪ લોકોના મૃત્યુ થયા છે. જ્યારે ૧૧૮૮ કેસ હજુ એક્ટીવ છે અને ૬૪૪૨ લોકો સાજા થઈને ગયા છે. ઘાટકોપરમાં ગત મહિનામાં કોરોનાના કેસ ઓછા આવ્યા હોવાથી ગ્રોથ રેટ મુજબ ઘાટકોપર ૦.૫ ટકા કરતા નીચે આવેલ. હવે મુંબઈ એવરેજ ૧.૧૦ કરતા ઉપર ઘાટકોપર ૧.૧૭ ટકા સાથે ફરી ટોપ ટેન કેટેગરીમાં પ્રવેશી ગયું છે જે ખતરાની ઘંટી છે. ઘાટકોપરમાં ૭ દિવસ દરમ્યાન ડેઝ ટુ ડબલ એટલે કે કેસ ડબલ થવાના દિવસો ૧૦૦ દિવસ ઉપર પહોંચ્યા હતા જે સૂચવતું હતું કે ઘાટકોપરમાં કોરોનાના કેસો ઘટી રહ્યા છે. હાલમાં આ આંકડો ૬૦ દિવસ બતાવે છે. જેનો મતલબ સરળ છે કે ૬૦ દિવસની અંદર કેસ ડબલ થઈ રહ્યા છે. રહેણાંક વિસ્તારમાં કેસ વધી રહ્યા છે. સામે કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૧૫ જ છે જે જોતા હવે ભણેલા અને પોસ વિસ્તારમાં રહેતા ઘાટકોપરના લોકો કોરોનાગ્રસ્ત થઈ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

## એન વોર્ડ ઘાટકોપર કોરોના અપડેટ

**કુલ કેસોની દ્રષ્ટિએ સમગ્ર મુંબઈમાં એન વોર્ડ ઘાટકોપર સાતમા ક્રમાંકે**

**(૮ સપ્ટેમ્બર પર્યંત)**



| | |
|---|---|
| કુલ પોઝીટવ કેસ | ૮૦૫૪ |
| ડીસ્ચાર્જ | ૬૪૪૨ |
| મૃત્યુ | ૪૨૪ |
| એક્ટીવ કેસ | ૧૧૮૮ |


વોઈસ ઓફ ઘાટકોપર

# બદલાની નહીં, બદલાવની માનસિકતાની જરૂર



તંત્રી સ્થાનેથી
જતીન કોઠારી

કોરોનાની મહામારીમાં મહારાષ્ટ્રમાં વધી રહેલા કોરોના કેસ સમગ્ર ભારત જ નહીં,વિશ્વમાં ચર્ચાના કેન્દ્ર સ્થાને છે ત્યારે સુશાંતસિંહ રાજપૂત હત્યાનું પ્રકરણ પણ ખૂબ ચર્ચાના ચકડોળે ચડ્યું છે. સુશાંતસિંહ રાજપૂતની હત્યા કે આત્મહત્યાની તપાસ અને આ તપાસમાં દિવસે દિવસે ખુલી રહેલ નવા એંગલ્સ સતત લોકોમાં અરાજકતા નિર્માણ કરી રહ્યા છે. આ તમામ પ્રકરણો દરમ્યાન લોકોમાં સોશ્યલ મીડીયાના માધ્યમે એક અલગ જ યુદ્ધ શરૂ થયું છે. સુશાંતના ચાહકો સુશાંતને તથા તેના પરિવારને ન્યાય મળે તે માટે ખૂબ એગ્રેસીવ હોવાનું લાગી રહ્યું છે. ત્યારે ડ્રગ્સ કનેક્શન અને રીયા ચક્રવર્તી પરના મીડીયા ટ્રાયલ સાથે તપાસ કરતી એજન્સીઓના તીખા સવાલો વચ્ચે સુશાંતને ન્યાય મળે તે માટે અને ડ્રગ્સનો બોલીવૂડમાં પગપેસારો કોના દ્વારા થઈ રહ્યો છે તેની વાત ખુલ્લી કરવાની અભિનેત્રી કંગના રાણાવતની ધમકીઓને લીધે મહારાષ્ટ્ર ખાસ કરીને મુંબઈ બદલાની રાજનીતિમાં તબદીલ થઈ ગયું છે. મુંબઈમાં જે રીતે કંગના રાણાવતની ઓફિસ પર બુલડોઝર ફેરવવામાં આવ્યું તેને લીધે મતમતાંતરો સેવાઈ રહ્યા છે. મુંબઈનું સારું ઈચ્છનારા અમુક લોકોનો એવો વર્ગ નિર્માણ થયો છે જે કોઈ પણ પરિસ્થિતીમાં મુંબઈમાં અનધિકૃત બાંધકામો અંગે જરૂર પડે એક્શન થવું જોઈએ તેવું માની રહ્યો છે. પરંતુ અન્ય એક વર્ગ એવો પણ છે જે મહાનગરપાલિકાની કંગના રાણાવાતના બંગલો પર થયેલ કાર્યવાહી અને તેની પાછળ મહારાષ્ટ્રના મુખ્યમંત્રીની બદલાની રાજનીતિ હોવાનું માની રહ્યા છે. પક્ષ કે વિપક્ષ જે હોય તે કોરોના, સુશાંત મૃત્યુ પ્રકરણ અને કંગનાની ડ્રગ્સ રેકેટ ઉઘાડું પાડી દેવાની ધમકીઓ વચ્ચે ફક્ત એટલું કહી શકાય કે બદલા કરતા બદલાવ લાવવાની માનસિકતા કેળવવાની જરૂર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ તાજેતરમાં રાજસ્થાનના આગેવાનો સાથે વાત કરી રહયા હતા તે સમય કટાક્ષમાં મીડીયા સમક્ષ પોઈન્ટ આઉટ કરેલ કે મીડીયા પોતાની જવાબદારી સમજે, હાલમાં ઈલેક્ટ્રોનીક મીડીયામાં સત્ય સામે લાવવાની દોડમાં બદલાની ભાવના પણ સમાનરૂપે દેખાઈ રહી છે. જનતાએ આ યુગમાં નક્કી કરવાનું છે કે જે તે વ્યક્તી અથવા સરકાર બદલાના હેતુથી કાર્યરત છે કે બદલાવના હેતુથી? જો કેન્દ્ર સરકાર વેન્ટીલેટર્સ મહારાષ્ટ્રમાં મોકલાવી શકે તો રાજ્ય સરકાર તેનો ઉપયોગ કેમ નથી કરતી? જો બોલીવૂડની કોઈ અભિનેત્રી ડ્રગ્સ રેકેટ જાહેર કરવાની ઈચ્છા દર્શાવે તો બદલાવની ભાવના લોકોમાં નિર્માણ થાય તેમાં ખોટું શું? તમામ પ્રશ્નો વચ્ચે દરેક માધ્યમો, લોકો હાલના સમયનો પોતપોતાની દ્રષ્ટિએ લોકોમાં એક જુવાળ નિર્માણ કરી કઈ રીતે સામેવાળા સાથે બદલો લઈ લેવો તે કાવાદાવા કરી રહી છે. બદલાવની ભાવના આ સમયે આવશ્યક છે જે આવતા સમયમાં પોઝિટીવ પરિણામો નિર્માણ કરવામાં સહાયક બનશે.



૮ ઉપવાસ
જીત આર. મહેતા


**મરણનોંધ માટે**

મુંબઈના દૈનિક અખબારોમાં મરણનોંધ પ્રકાશિત કરવા માટે લેટરપેડ પર મરણનોંધ લખી જરૂરી પ્રૂફ સાથે નીચે જણાવેલ નંબર પર સંપર્ક કરો.

9869038095
9022779684

**પંચગાની હવા ફેર**

પ્રકૃતિના સાનિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવા ફેર કરવા પધારો
શુદ્ધ સાત્વીક ભોજનશાળાની સુવિધા છે.
૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.
**રાજલક્ષ્મી આરોગ્યધામ**
મુંબઈમાં બુકીંગ માટે સંપર્ક : 08879677709
સંપર્ક માટે સોમવારથી શુક્રવાર બપોરે 1 થી 4




# કચ્છ-મુંબઈ-કચ્છ માટે ટ્રેન શરૂ કરવા કચ્છીઓનો અનેરો પ્રતિસાદઃ ૨ દિવસમાં ૧૨૦૦૦ થી વધારે પરિવારોનું સમર્થન

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે લોકડાઉન જાહેર કર્યું ત્યારે ભારતભરની બધી ટ્રેનો બંધ કરી નાખેલી ત્યારબાદ સમયે સમયે તેમણે દરેક દેશના ખુણે ખુણે સુધી ટ્રેન પહોંચાડવાની વ્યવસ્થા ચાલુ કરી. હમણા જ્યારે છેલ્લી યાદી બહાર પડી તેમા ૮૦ સ્પેશિયલ ટ્રેનોની જાહેરાત થઈ ત્યારે કચ્છની પ્રજાને એવી આશા હતી કે આપણને કચ્છ માટે જે મુંબઈથી ૩ ટ્રેનો નિયમીત જાય છે તે સામે ૧ ટ્રેન તો આપણને મળશે જ પણ એક પણ ટ્રેનની જાહેરાત ન થતા કચ્છની પ્રજાઓમાં ભારે અસંતોષ જાગૃત થયો હતો અને તેમણે આ અન્યાય માટે એક લડત ચાલુ કરી જેને અનુલક્ષી કચ્છ જન જાગૃતિ અભિયાન અંતર્ગત કચ્છ ટ્રેન જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્ય સરકારોને કચ્છી જનતાનો અવાજ મુખ્ય મંત્રીઓઓ સુધી પહોંચાડવા માટે એક અભિયાન શરૂ કર્યું છે. બધા કચ્છીઓ એક થઈ કચ્છ ટ્રેન જાગૃતિ અભિયાન સાથે ખભ્ભે ખભા મીલાવી એક ઝુંબેશ ઉપાડી છે જેમાં જોડાવવા માટે https://forms.gle/LT8WAADtp18ZDnmZA



લીંક ઉપર ક્લીક કરીને ફોર્મ ભરવાનું રહેશે.

કચ્છ જન જાગૃતિ અભિયાન આ ફોર્મ દ્વારા બન્ને રાજ્યોની સરકારોને વિનંતી પત્ર પાઠવી ઝુંબેશ નો શંખનાદ કરશે અને કચ્છી પ્રજા વિશ્વભરમાં વસી રહી છે! ધંધાકીય વ્યવહારોમાં પણ કુશળતાપૂર્વક કામગીરી કરી રહી છે કચ્છ રાજ્યને જે નુકશાન થઈ રહ્યું છે તેનાથી વાકેફ કરશે અને કચ્છનો વિકાસ કરશે.

કચ્છી જાગશે તો અન્યાય નહીં થાય. કચ્છ આવવા જવાં ટ્રેન શરૂ કરવાં બાબત અભિયાનમાં ભારત ના ખૂણે ખૂણે થી દરેક કચ્છી માડું https://forms.gle/LT8WAADtp18ZDnmZA આ લિંક પર ક્લીક કરી નામ ગામ સાથે રજીસ્ટ્રેશન કરી અને આ લિંક તમારી પાસે જેટલાં વોટ્સએપ ગ્રુપ હોય એમાં ફોરવર્ડ કરશો જેથી આપ કચ્છ વિકાસમાં આપ એક સહભાગી સભ્ય બની શકશો. આ લખાય છે ત્યાં સુધીમાં પહેલા દિવસે ૪૫૦૦થી વધુ કચ્છી ભાઈઓએ ફોર્મ ભરેલા અને ત્યાર બાદ ૧૨૦૦૦થી વધુ કચ્છી ભાઈઓ ફોર્મ ભરી ચૂક્યા છે.

ઑનલાઇન ફોર્મ ભરવા અથવા લિંક મેળવવા અથવા ટેકનિકલ સહાયતા માટે શ્રી દિનેશ હેમરાજ વિસરીયાનો ૯૩૨૨૨૧૩૮૭૭ સંપર્ક કરવા વિનંતી.

સમર્થન આપવા તેમજ મિત્ર વર્તુળ અને પરિવારજનો પાસેથી સમર્થન આપવા સહકાર આપવા હાકલ કરી છે.

'કચ્છ ટ્રેન જાગૃતિ અભિયાન' શ્રી ખુશાલ કેશવજી નાગડા (ભોજાય/ડોમ્બીવલી) – ૯૮૭૦૭૦૭૦૮૫, શ્રી કિશોર મણીલાલ ગાલા (ડોણ/માટુંગા) – ૯૯૩૦૦૧૪૩૭૫, શ્રી કુણાલ લક્ષ્મીચંદ સંગોઈ (ભીંસરા/અંધેરી) – ૭૨૦૮૧૫૬૧૧૧ નો સંપર્ક કરી શકો છો.

## શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળામાં ઉજવાયો શિક્ષકદિન





૫ સપ્ટેમ્બર એટલે આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિન. આ દિનને શિક્ષકદિન તરીકે ઉજવાય છે. શાળામાં ખૂબ જ ઉત્સાહથી આધુનિક ટેક્નોલોજીનાં માધ્યમથી online શિક્ષકદિન ઉજવાયો . ધોરણ ૫,૬ નાં વિદ્યાર્થીઓએ શિક્ષક દિનને લાગતા ચિત્ર દોરી રંગ પૂર્યા , તો ધોરણ ૭,૮ નાં વિદ્યાર્થીઓ સાથે zoom meeting દ્વારા ગુરુનું જીવનમાં મહત્વ વિશે ચર્ચાસત્ર લીધું અને ગુરુ વિશે પોતાના મનોભાવ રજૂ કર્યા, તો ધોરણ ૯,૧૦ નાં વિદ્યાર્થી ઓએ શિક્ષકદિન વિશે લેખન દ્વારા, આકર્ષક કાર્ડ બનાવી અને ઓડિયો, રેકોર્ડર દ્વારા પોતાના વિચારોને વાચા આપી. આચાર્યા બીનાબેન રાવલે ઓડીયો દ્વારા વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા. તથા વિદ્યાર્થીઓએ શિક્ષિકાબહેનોને વોટ્સએપમાં શિક્ષકદિનની શુભેચ્છા પાઠવી આશિષ મેળવ્યા.








રક્ષા પ્રશાંત કેનીયાના કૈલાસ મેન્સન નિવાસ સ્થાને ઈકોફ્રેન્ડલી ગણેશમૂર્તિની સ્થાપના

## ધોરણ દસમા-બારમાના નાપાસ વિદ્યાર્થીઓની ઓક્ટોબરની પરીક્ષા મુલત્વી

ઑક્ટોબર મહિનામાં ૧૦ મા અને ૧૨ મા ધોરણમાં નાપાસ થનારા વિદ્યાર્થી ઓની ફરીથી પરીક્ષા લેવામાં આવે છે. પરંતુ આ વર્ષે તેને કોરોનાના ચેપને કારણે મુલતવી રાખવામાં આવી છે. મહારાષ્ટ્ર રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા દસમા-બારમા ધોરણના બોર્ડને આવી જ સૂચનાઓ આપવામાં આવી છે. દર વર્ષે માર્ચ અને એપ્રિલમાં, ૧૦ મા અને ૧૨ માની પરીક્ષાઓ પછી જૂન અને જુલાઈમાં પરિણામ આવી જાય છે. જે વિદ્યાર્થીઓ આ પરીક્ષાઓમાં નાપાસ થાય છે તેમને પરીક્ષા ફરીથી આપવાની તક અપાય છે. પરંતુ આ વર્ષે ઓક્ટોબરમાં યોજાનારી પરીક્ષા મુલતવી રાખવામાં આવી છે.

હાલમાં મહારાષ્ટ્ર સહિત દેશભરમાં કોરોનાનો ચેપ વધી રહ્યો છે. કોરોનાના બનાવોમાં હજી ઘટાડો થયો નથી. આ જ સંદર્ભે રાજ્યના શિક્ષણમંત્રી વર્ષા ગાયકવાડે આ વર્ષે ઓક્ટોબરમાં ૧૦ મા અને ૧૨ મા ધોરણની પરીક્ષા મુલતવી રાખીને વિદ્યાર્થીઓના જીવનને જોખમમાં મૂક્યું નથી. હવે પરીક્ષા નવેમ્બર અથવા ડિસેમ્બરમાં લેવામાં આવે તેવી સંભાવના છે. મીડિયા સાથે વાત કરતા વર્ષા ગાયકવાડે જણાવ્યું કે હાલમાં ઓક્ટોબરમાં કોઈ પરીક્ષા નહીં લેવાય. પરંતુ નવેમ્બર-ડિસેમ્બરમાં કોરોના ઇન્ફેક્શનની સ્થિતિને જોતાં, નિર્ણય લેવામાં આવશે.



# ઘાટકોપર અને વિક્રોલીના પુર્નવસન થનાર મકાનોને સાંસદ મનોજ કોટકના પ્રયાસોને પગલે ૪૦૫ સ્કે. ફૂટ એરિયા મળશે

સાંસ મનોજ કોટકે શનિવાર, ૫ સપ્ટેમ્બરના એમસીજીએમના અધિકારીઓ સાથે તેમની કચેરીમાં વિક્રોલી પાર્કસાઈટના જૂના મકાનોના પુર્નવિકાસ અંગે સંયુક્ત બેઠક યોજી હતી. આ મિટીંગમાં આર્કિટેક્ટ શશાંક મર્હેદેલ, એક્ઝિક્યુટીવ એન્જિનીયર અભય સબનીસ, એક્ઝિક્યુટિવ એન્જિનિયર એસ્ટેટ વિજય પાટીલ, દુર્ગેશ પાલકર, શિવસેના નેતા હારુન ખાન અને પાર્કસાઈટ ઓલ્ડ બિલ્ડિંગ્સ વેલ્ફેર એસોસિયેશનના પદાધિકારીઓ હાજર રહ્યા હતાં. આ બેઠકમાં ટેનામેન્ટ્સ માટે ૪૦૫ સ્કે. ફૂટ જગ્યા ફાળવવાનો નિર્ણય લેવામાં







આવ્યો હતો. એમસીજીએમના અધિકારીઓ એક સપ્તાહમાં માસ્ટર પ્લાન તૈયાર કરશે અને ત્યારબાદ ફરી મિટીંગ યોજાશે.

## સાંસદ મનોજ કોટક દ્વારા શિક્ષકદિન નિમિત્તે શિક્ષકોનો સત્કાર તથા વૃક્ષારોપણ






શિક્ષકદિવસના અવસર પર મુલુન્ડ (વે)માં આવેલા દયાનંદ વૈદિક વિદ્યાલયમાં સાંસ મનોજ કોટકે શિક્ષકોનો સત્કાર કર્યો હતો અનેત્યારબા શિક્ષકો સાથે શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોએ વર્તમાન શિક્ષણ વ્યવસ્થા તથા ગુરુ-શિષ્ય પર વિચારો વ્યક્ત કર્યા હતાં.

## સાંસદ મનોજ કોટક દ્વારા તેમના વિકાસ ફંડમાંથી કરવામાં આવેલા કાર્યોનું લોકાર્પણ






ઈશાન મુંબઈના સંસદસભ્ય મનોજ કોટકએ સોમવાર, તા. ૭ સપ્ટેમ્બરના રોજ તેમના સાંસદ વિકાસ ફંડમાંથી તેમના મતવિસ્તારમાં કરવામાં આવેલા જનસુવિધા કાર્યોનું લોકાર્પણ કર્યું હતુ, જેમાં માનખુર્દમાં પ્લોટ નં. ૨૫, હનુમાન સેવા મંડળ રોડ ક્રમાંક ૧૨ ખાતે ૨૨ સીટના શૌચાલયનું તેમજ પડવળ કંપાઉંડ, ઓમ નિવાસ, જે.એમ. રોડ, ભાંડુપ (વેસ્ટ)માં બાંધવામાં આવેલા શૌચાલયનો સમાવેશ થાય છે.

## લીમાણી ભુવનમાં ગણેશોત્સવની ઉજવણી

ઘાટકોપર વેસ્ટમાં શ્રેયસ સિનેમા પાસે આવેલ લીમાણી ભુવનમાં દરેક ઉત્સવની સૌ સાથે મળી ઉજવણી કરે છે. ગણેશોત્સવમાં દરેક રહેવાસીઓ ખૂબ ઉત્સાહપૂર્વક જોડાય છે પણ આ વર્ષે કોવિડ-૧૯ને પગલે ગણેશોત્સવમાં લોકોમાં ઉત્સાહ હોવા છતાં સરકારી ગાઈડલાઈન્સને ધ્યાનમાં રાખીને અત્યંત સાદાઈપૂર્વક અને ઈકોફ્રેન્ડલી ગણેશ મૂર્તિ લાવી ઉજવણી કરવામાં આવી હતી. વિસર્જનના દિવસે રોનક શાહ અને તેમની બાલા બોય્ઝ ટીમે વિસર્જન કુંડને અલગ અલગ ફૂલ અને ઓઢણીથી શણગારેલ. દરેક ઘરમાંથી સુગંધિત પાણીનો એક એક ગ્લાસ લાવી કુંડમાં ઉમેર્યો







હતો. બાપાની વિદાય વખતે સૌને દર્શન થાય તે હેતુએ સમગ્ર સોસાયટીની ત્રણ પ્રદક્ષિણા અને તે દરમ્યાન લોકોએ પુષ્પવર્ષા કરી વિસર્જનમાં પોતાના ઘરેથી જ જોડાયા હતા.

## ફેસ માસ્ક વગર ફરતાં લહેરીલાલાઓએ રૂા.૨૭.૫૦ લાખ દંડ પેટે ભર્યા

જાહેરમાં ચહેરા પર માસ્ક પહેરવાના ફરજિયાત નિયમની અવહેલના કરી ન ફિકરાઈથી બહાર નીકળતા લોકો પર કાર્યવાહી કરતા બીએમસીએ માત્ર પાંચ મહિનામાં દંડાત્મક કાર્યવાહી કરી તેઓ પ્રત્યેક પાસે રૂા.એક હજારનો દંડ વસુલ કરી કુલ્લ રૂા.૨૭.૪૮ લાખ તિજોરીમાં જમા કર્યા હતા.

તા.૨૨ માર્ચથી લોકડાઉનની તૈયારીઓ થઈ અને તા.૧ એપ્રિલે માસ્ક પહેરવાનું સૌ માટે ફરજિયાત કરાયું. મહાનગર પાલિકાએ તા.૯ એપ્રિલના રોજે એક આદેશ દ્વારા ફેસ માસ્ક વિના જાહેર સ્થળોએ મળી આવનાર પર કાર્યવાહી કરવાનું ધોરણ જાહેર કર્યું. તા. ૧ એપ્રિલથી ૩૧ ઓગસ્ટ દરમ્યાનના પાંચ માસના સમયગાળામાં ૨૭૯૮ નાગરિકો પાસેથી રૂા.૨૭,૪૮,૭૦૦ રૂપિયાનો દંડ વસૂલ્યો. સરકારી તંત્રો સતત લોકોને માસ્ક પહેરે એ માટે જનજાગૃતિ અભિયાન હાથ ધર્યું હોવા છતાં લોકો જાહેરમાં માસ્ક વિના બેફિકરથી બિન્દાસ ફરતાં નજરે પડતાં સતા તંત્રએ તેમની પાસેથી દંડ વસૂલ્યો હતો.

સૌથી વધુ રૂા.૫.૦૪ લાખનો દંડ અંધેરી (વેસ્ટ), જુહુ વિસ્તારના 'કે' વોર્ડમાં, ત્યારપછી રૂા.૪.૨૧ લાખ કાંદિવલી આર (સાઉથ) વોર્ડમાં અને 'સી' વોર્ડ અંતર્ગત આવતા ચર્ની રોડમાંથી રૂા.૪.૦૯ લાખ દંડ વસૂલ્યો હતો. પાંચ માસના સમયગાળામાં સૌથી વધુ રૂા.૯.૪૫ લાખ દંડ તો માત્ર મે માસમાં વસૂલ થયો હતો. પ્રથમ માસ એટલે કે એપ્રિલ માસમાં રોજના સરેરાશ ૨૪ લોકોને દંડિત કરવામાં આવતા હતા. જુલાઈ ઓગસ્ટના ગાળામાં દુકાનો ઓફિસ ખૂલ્યાં પછી ક્રમશ દંડિત લોકોનું પ્રમાણ ઘટ્યું હતું. આ સમય ગાળામાં ૧૨ જણ સામે રોજે રોજ સરેરાશ રીતે દંડની કાર્યવાહી થતી હતી. નગરપાલિકાના વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે માસ્ક ન પહેરનારાઓને દંડિત કરવા માટે કલીન અપ માર્શલ નીમ્યા છે.

# મનપા કર્મચારીઓને કોરોના સિવાયના ડીપાર્ટમેન્ટના અન્ય કામને પ્રાથમિકતા આપવાનો આદેશ

કોરોના રોગના સંક્રમણને ફેલાતો અટકાવવાના સામાજિક કાર્ય સાથે જ આર્થિક લક્ષ્યાંક પૂરો કરવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ પોતાના કર્મચારીઓને કોરોના સિવાયના તેમના ડીપાર્ટમેન્ટના અન્ય કામો પર પણ ધ્યાન કેન્દ્રિત કરવાનો આદેશ આપ્યો છે. પાલિકા પ્રશાસને મહત્વના ગણાતા રસ્તા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, પુલ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ સહિતના અન્ય ખાતાઓના કામને અસર ન થાય તેની તકેદારી લેવાની સલાહ પણ પોતાના અધિકારીઓ અને કર્મચારીઓને આપી છે.

એડીશનલ મ્યુનિસિપલ કમિશનર (આરોગ્ય) સુરેશ કાકાણીએ જણાવ્યા મુજબ કોરોનાને કારણે ચોમાસાનો સમય બહુ મુશ્કેલ રહ્યો હતો. જો કે હવે ચોમાસું પૂરું થવાની તૈયારીમાં છે તેથી હવે તમામ કર્મચારીઓને તેમના ડીપાર્ટમેન્ટના કામને પ્રાથમિકતા આપવાનું કહેવામાં આવ્યું છે.

માર્ચ મહિનામાં કોરોનાનો મુંબઈમાં પ્રથમ કેસ નોંધાયો ત્યારથી મુંબઈ મહાનગરપાલિકાના તમામ કર્મચારીઓને કોરોના સંબંધિત ફરજ પર તૈનાત કરી દીધા હતા. હવે જોકે મુંબઈમાં કોરોનાને નિયંત્રણમાં લાવવામાં થોડી સફળતા મળી છે, તેથી પાલિકા હવે અન્ય કામો પર લક્ષ કેન્દ્રિત કરવા માગે છે.

૨૦૨૦-૨૧ આર્થિક વર્ષના પાંચ મહિના પુરા થઇ ગયા છે ત્યારે પાલિકા પાસે હવે વાર્ષિક લક્ષ્યાંક પૂરો કરવા માટે બહુ ઓછો સમય બાકી રહ્યો છે. કોરોના નિયંત્રણમાં આવી રહ્યો હોઈ પાલિકા ધીમે ધીમે પોતાના જુદા જુદા કોવિડ-૧૯ સેન્ટર બંધ કરી રહી છે. આ સેન્ટર્સમાં કામ કરનારા કર્મચારીઓને પણ તેમના મૂળ ખાતામાં પાછા કામ માટે મોકલવામાં આવી રહ્યા છે. મુંબઈમાં હાલ હાઈ રિસ્ક કોન્ટેક્ટ માટે ૩૩૩ કોવિડ કેર સેન્ટર છે, જેની કુલ પલંગની ક્ષમતા ૪૮,૩૦૦ છે તો ૧૭૬ કોવિડ કેર સેન્ટર પોઝિટીવ અસિમ્પ્ટેમેટિક દર્દીઓ માટે છે, જેની કુલ પલંગની ક્ષમતા ૨૩,૫૩૪ની છે.

# મેડિકલ ફિલ્ડના સ્ટાફને લોકલ ટ્રેનમાં પ્રવાસની મંજૂરી

પશ્ચિમ રેલ્વે દ્વારા તા.૫ સપ્ટે. શનિવારે જારી કરાયેલા નવા આદેશ મુજબ પેથોલોજિકલ લેબ ટેસ્ટિંગના કર્મચારી તથા ફાર્મા કંપનીના કર્મચારીઓને પણ હવે લોકલ ટ્રેનમાં પ્રવાસ કરવાની મંજૂરી અપાઈ છે.

જોકે મધ્ય રેલ્વેની ટ્રેનોમાં માત્ર ક્યુઆર કોડ પાસ ધરાવતાં મુસાફરો જ લોકલ ટ્રેનમાં પ્રવાસ કરી શકશે. જ્યારે પશ્ચિમ રેલ્વેની ઈન્ટરનલ નોટમાં જણાવાયા પ્રમાણે ફાર્મા કંપનીઓના કર્મચારીઓ ટિકીટ અને આઈકાર્ડ સાથે ટ્રેનમાં પ્રવાસ કરી શકશે. રેલ્વે ડીપાર્ટમેન્ટના સૂત્રોના જણાવ્યા પ્રમાણે ફાર્મા કંપનીના કર્મચારીઓ હાલના નિયમો મુજબ ક્યુઆર કોડ આધારિત ઈપાસ માટે અરજીની પ્રક્રિયા શરૂ કરી શકશે.

આ અગાઉ પાંચમી ઓગસ્ટે મહારાષ્ટ્ર સ્ટેટ કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિયેશન બે હજાર કરતાં વધુ કર્મચારીઓ અને ફાર્માસ્યુટિકલ્સના જથ્થાબંધ વેપારીઓના નામની યાદી પોલીસને સુપરત કરી હતી પરંતુ તેમને રેલ્વે પાસ માટે મંજૂરી આપવામાં આવી ન હોતી. ત્યારબાદ તેમણે હડતાળ પર ઉતરવાની ચીમકી આપી હતી. આવશ્યક સેવા વિશેષ તરીકે લોકલ ટ્રેનોમાં હવે મર્યાદિત સંખ્યાના વર્ગો માટે મંજૂરી આપવામાં આવી છે. આમાં હજી પણ અસંગઠિત પત્રકારો, મિડીયા કર્મીઓ, પ્રાઈવેટ તથા કો. ઓપરેટિવ બેંકોના કર્મચારીઓ અને અનાજ રેશનિંગ તથા કરિયાણાની દુકાનો સંબંધિત વર્ગ પણ બાકાત છે.

# માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચ દ્વારા શિક્ષકદિન નિમિત્તે શિક્ષકોનું બહુમાન કરવામાં આવ્યું





તા. ૫ સપ્ટેંબરના શિક્ષક દિવસ ઉજવણી માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચ દ્વારા વિશેષ રીતે કરવામાં આવી હતી. મુલુંડની ગુજરાતી માધ્યમની ત્રણ શાળાઓ- જ્ઞાનસરિતા, નવભારત અને એસ.એમ.પી.આર.ના એસ.એસ.સી.ના વર્ગોમાં ગુજરાતી વિષય શીખવતા શિક્ષિકા બહેનો આરતીબેન જોબનપુત્રા,અનીતાબેન ઠક્કર અને કલ્પનાબેન ગડા તેમજ રત્નચિંતામણિ કન્યાશાળા ઘાટકોપરના એસ.એસ.સીમાં ગુજરાતી વિષય લેતા અને મુલુંડમાં રહેતા વંદનાબેન પંચાલને માતૃભાષા સંવર્ધનમાં સુંદર યોગદાન આપવા બદલ ફોટા સાથેનું લેમિનેટેડ સર્ટીફીકેટ, બુકે અને રૂા ૧૧૦૦નું રોકડ ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સંસ્થાના કાર્યાલય મુલુંડ પશ્ચિમમાં આવેલ આનંદ કલાસીસમાં યોજાયેલ કાર્યક્રમમાં સરસ્વતી વંદના બાદ દીપ પ્રજ્વલનમાં શિક્ષિકા બહેનો પણ જોડાઈ હતી. પ્રમુખ જગજીવનભાઈ તન્ના, ઉપપ્રમુખ હીરાલાલભાઈ મૃગ, મહામંત્રી લાલજી સરે શિક્ષક દિવસનું મહત્ત્વ સમજાવ્યું હતું. અનિતાબેન ઠક્કર અને વંદનાબેન પંચાલે પોતાના અઢી દાયકાથી વધુ વર્ષોની આ શિક્ષણ યાત્રામાં વિદ્યાર્થીઓને માતૃભાષામાં શિક્ષણ પ્રત્યે રૂચિ વધારવા માટે થઈ રહેલા પ્રયાસોની ઝલક આપી હતી. આ તબક્કે આયોજક સંસ્થા સાથે જોડાયેલા શિક્ષકગણ વતી ઉપસ્થિત શિક્ષિકા બહેનો યામિનીબેન જોશી અને જયશ્રીબેન ઠક્કરને ગુલાબના ફૂલ સાથે રૂ.૨૫૦ના કવર આપી શિક્ષક દિવસની શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

સરપ્રાઈઝ રૂપે ઉપપ્રમુખ હીરાલાલભાઈ મૃગે, પ્રમુખ જગજીવનભાઈ તન્ના સાથે ૪૧ વર્ષથી અવિરત શિક્ષણ યાત્રા કરી રહેલા આજીવન શિક્ષક લાલજી સરને શાલ ઓઢાડી, કવર, બુકે અને શ્રીફળ આપી, મીઠું મોઢું કરાવી, હજી મોટા પાયા પર સન્માન કરવામાં આવશે એવા શબ્દો સાથે બહુમાન કર્યું. સન્માન વિધિમાં જયશ્રીબેન ઠક્કર અને કાશ્મીરાબેન ઠક્કર પણ જોડાયા હતા. લાલજી સરે પણ ગદગદિત સ્વરે આભાર માન્યો હતો.

કાર્યક્રમ માટે આર્થિક સહયોગ ઉપ પ્રમુખ હીરાલાલભાઈ મૃગનો મળ્યો હતો. કાર્યક્રમ બાદ પેંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંકલન અને સંચાલન મહામંત્રી લાલજી સરે કર્યું હતું. જેમાં કાશ્મીરાબેન ઠક્કર અને ચંદ્રાબેન આઈયા, રીયા ચાવડાનો સાથ મળ્યો હતો.

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ




શ્રી ઘોઘારી દશા શ્રીમાળી (મુંબઈગરા) જ્ઞાતિ (જૈન મરણ)
કુકડ બુધેલ નિવાસી હાલ ઘાટકોપર

**ચીમનલાલ ત્રીકમલાલ બદદુક (શાહ) ઉ.વર્ષ.૮૭.**

તા.૭.૯.૨૦૨૦ સોમવાર ના રોજ અરિહંત શરણ પામેલ છે.
તે વિમલાબેન ના પતિ, તે ભાવેશ, ચેતન, ભાવના યોગેશ કુમાર ફાફડીયા (મેહતા), શોભના શૈલેષ કુમાર શાહ ના પિતાશ્રી.
તેમજ પારૂલ, અલ્કા ના સસરા,
તેમજ (સ્વ.)ઈશ્વરલાલ, (સ્વ.)અનીલભાઈ ના નાનાભાઈ
શ્વસૂર પક્ષે ભગવાનદાસ (સ્વ.)કાંતીભાઈ તથા શાંતીભાઈ સરવૈયા, (સ્વ.)વિજયાબેન રતીલાલ શેઠ, (સ્વ.)જેકુરબેન રમણીકલાલ શેઠ ના બનેવી.
તેમજ મયંક, કવીશ, મીત, બંસરી ના દાદા, તેમજ રૂપેશ, દીશા, જીગર, ધવલ ના નાના.
હાલના સંજોગોના કારણે લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.
ભાવેશભાઈ- 9833236536
ચેતનભાઈ - 9820944616

# કોરોના વાઈરસ પછીની દુનિયા કેવી હશે? – દષ્ટિકોણ

**ચંદ્રેશ પારેખની કલમે....**





કોવિડ-૧૯ની મહામારી અંગે પોતાના વિચારો વ્યક્ત કરતાં કિસિન્જરે કહ્યું છે કે, ""The world will not be the same again after Covid-19"" એટલે કે કોવિડ-૧૯ મહામારીનો પ્રકોપ પૂરો થશે, તે દુનિયાને એટલી બદલી નાખશે કે આપણને આ મહામારીના અંતે એક નવી જ દુનિયા જોવા મળશે. સમગ્ર વિશ્વ વર્તમાન સમયમાં સંકટના ઘણા મોટા ગંભીર સમયગાળામાંથી પસાર થઇ રહ્યું છે. સામાન્ય રીતે જ્યારે કોઈ કુદરતી સંકટ આવે છે તો તે કેટલાક દેશો અથવા રાજ્યો સુધી જ સીમિત રહે છે. પરંતુ આ વખતે આ સંકટ એવું છે, જેણે સમગ્ર વિશ્વમાં સંપૂર્ણ માનવજાતિને સંકટમાં નાખી દીધું છે. જ્યારે પ્રથમ વિશ્વ યુદ્ધ થયું હતું, જ્યારે દ્વિતીય વિશ્વ યુદ્ધ થયું હતું, ત્યારે પણ આટલા દેશો યુદ્ધ વડે પ્રભાવિત નહોતા થયા. જેટલા આજે કોરોનાથી થયા છે. ભારતના સોલિસિટર જનરલ રહી ચૂકેલા ખ્યાતનામ ધારાશાસ્ત્ર હરીશ સાલ્વેએ તાજેતરમાં એક વેબિનારમાં સાંપ્રત પરિસ્થિતિનું આકલન કરતા એવું કહ્યું હતું કે, નકોરોના સામેના મહાયુદ્ધ પછી વિશ્વ સંપૂર્ણપણે બદલાઈ ગયેલું હશે અને એમ થવું પણ જોઈએ. યાદ એ રાખવું પડશે કે આપણે વર્તમાન સંજોગોમાંથી કાંઈ નહીં શિખીએ તો ઇતિહાસ ફરી એકવાર કોઈ અન્ય વૈશ્વિક આપદા કે મહામારીના અન્ય કોઈ રૂપમાં સ્વયંને દોહરાવતો જોવા મળશે. આ પ્રકારનાં વિધાનો વિશ્વના અન્ય મહાનુભાવોએ પણ વ્યક્ત કરેલાં છે. મહત્ત્વની વાત એ છે કે કોરોના સામેનું આ મહાયુદ્ધ હજુ પૂરું થયું નથી અને વિશ્વભરના દેશોના માનવ સમુદાયોમાં નવાં પરિવર્તનોની પ્રક્રિયાનો આરંભ થઈ જ ગયો છે. અત્યાર આ બદલાવના આકાર-પ્રકાર કે આખરી સ્વરૂપનું ચિત્ર સ્પષ્ટ થઈ શકે તેમ નથી. કેમ કે આ પરિવર્તનની પ્રક્રિયા પણ લાંબી ચાલવાની છે. આ સંભવિત બદલાવને, પરિવર્તનને જે જલ્દી સમજી શકશે અને તેને અનુરૂપ પોતાની જાતને તૈયાર કરી શકશે એ એટલી જ ઝડપથી આગળ વધી શકશે.

છેલ્લા બે મહિનાથી આપણે સતત દુનિયાભરમાંથી આવી રહેલા કોરોના વાયરસ સાથે જોડાયેલ ચિંતાજનક સમાચારો જોઈ રહ્યા છીએ, સાંભળી રહ્યા છીએ, ચીન ની માફક દુનિયાના દરેક દેશોએ નાગરિકોને બચાવવા લોક ડાઉન નો ઉપાય અજમાવો પડ્યો. શરૂઆતમાં લાગતું હતું કે એકાદ મહિનામાં લોક ડાઉન ખતમ થશે અને કોરોના પણ આ દુનિયામાંથી વિદાય લેશે પણ સમય જતાં આ મહામારીએ વિકરાળ રૂપ ધાર કર્યું અને જોતજોતામાં આ મહામારી વિશ્વના ખૂણે ખૂણામાં ફેલાઈ ગઈ મોટા ભાગના વિશ્વના દેશમાં છેલ્લા છ મહિનાથી લોક ડાઉન પરિસ્થી યથાવત રહી છે. છંઘ જેવી અંતરાષ્ટ્રિય સંસ્થાના નિષ્ણાંત વૈજ્ઞાનિકો પણ આ મહામારીની વેક્સીન શોધી શક્ય નથી. વિશ્વમાં ૨.૭૫ કરોડ કેસની સાથે ભારતમાં ૪૫ લાખ કોરોના કેસ અને ૮૦ હઝાર લોકોનું મૃત્યુ થયું છે. લોકડાઉન પરિસ્થિતિ ક્યારે પુરી થાય તે કહેવાય તેમ નથી.. ભારતના ૧૩૦ કરોડ નાગરિકોએ કોરોના વૈશ્વિક મહામારીનો હિંમતપૂર્વક સામનો કર્યો છે.

હવે કોરોનાની મહામારી એ વિશ્વ અને ભારત ને કેવી ગંભીર પરિસ્થિતિમાં લાવી દીધા છે તેની કલ્પના કરીયે તો પણ ધ્રુજારી છૂટી જશે. અત્યાર સુધી આપણે કોરોનની મહામારીથી કેવી રીતે છુટકારો મેળવી શકીયે ફક્ત તેનાજ વિચારો કરતા હતા પણ લોક ડાઉન ના હિસાબે ઉદ્દભવનારી પરિસ્થિતિ નો ના તો કોઈ વ્યક્તિગત, સામાજિક કે સરકારી તંત્ર ના રીતે વિચારી રહ્યું છે. કોરોના કરતા પણ ગંભીર પરિસ્થિતિ નો સામનો હવે સૌ એ કરવાનો વારો આવશે. વ્યક્તિગત રીતે વિચાર કરીયે તો કોરોના એ માણસ ને અનેક રીતે પાયમાલ કરી નાખ્યો છે. છેલ્લા ૬ મહિના થી માણસ ઘર માં કામ ધંધા વગરનો બેઠો છે જેના લીધે માણસ ની શારીરિક અને માનસિક શક્તિ ઓછી થતી જાય છે અને માણસ વિવિધ બીમારી જેવી કે ચિંતા, તણાવ, સ્ટ્રેસ અને ડિપ્રેશનનો ભોગ બન્યો છે. દેશના ખૂણે ખૂણે થી આત્મ હત્યા કરવા ના સમાચારો મળી રહ્યા છે. માણસ ની હાલત પાંજરા માં પુરાયેલા પ્રાણી જેવી થઇ ગયી છે. દુનિયા સાથે તેનો સંપર્ક તૂટી ગયો છે અને એકલતા ના વમળ માં તે ફસાઈ ગયો છે. એક સર્વે મુજબ છેલ્લા ૬ મહિનામાં ૫૦૦ કરોડથી વધારે ડિપ્રેશન અને ઊંઘની દવાઓ વેચાઈ ગયી છે. ઓનલાઇન મનોવૈજ્ઞાનિક એક્સપર્ટની સેવા મોટા ભાગના લોકો લઇ રહ્યા છે. મને સમય નથી જ, કહેનારો માણસ સમય કેવી રીતે કાઢવો એ તેના માટે એક મોટો પ્રશ્ન થઇ ગયો છે, ચંદ્ર સુધી જનારો માણસ આજે પોતાના પાડોસી સુધી પણ જઈ શકતો નથી.

કોરોના ની ભયંકર અસર બાળકો થી માંડીને યુવાન અને વૃધો ઉપર પણ પડી રહી છે. ૬ મહિના ના લોકડાઉન એ બાળકોનું ભવિષ્ય અંધકારમય બનાવી દીધું છે. ભારતમાં ઓનલાઇન શિક્ષણની પ્રથા ખામીવાળા ઈન્ટરનેટ કનેકશનને લીધે શક્ય નથી. મોટા ભાગના બાળકો પાસે કોમ્પ્યુટર અને ઈન્ટરનેટની સુવિધા જ નથી અને તેઓ નો વિકાસ રૂંધાઇ રહ્યો છે. યુવાનનો ને કોલેજો બંધ હોવાથી ડિગ્રી પ્રાપ્ત થશે નહિ, મહિલાઓ સતત કામના બોજ હેઠળ જીવી રહી છે. શરૂઆતમાં એમ કહેવાતું કે પરિવાર સાથે સમય વિતાવવા મળશે પણ હવે માનસિક તાણ ને લીધે ઘણી જગ્યા એ કજિયા કંકાશ શરુ થયા છે. તેવીજ રીતે વૃદ્ધો પણ માનસિક અને શારીરિક યાતનાઓથી પીડાઈ રહ્યા છે.

આ તો થઇ વ્યક્તિ ગત વાત હવે સામાજિક સ્થર એ આપણે વિચાર કરીયે તો માણસ સમાજ થી પણ વિખૂટો પડી ગયો છે. આપણે કહીયે છે કે મનુષ્ય સામાજિક પ્રાણી છે પણ કોરોના એ માણસ ની આ વ્યાખ્યા ને બદલી નાખી છે અને માણસ એકલવાયું પ્રાણી થઇ ગયું છે. સમાજ થી વિખૂટો પડેલો માણસ કોઈ ને મળી શકતો નથી તયાં સુધી કે મંદિર ના દ્વાર પણ તેની માટે બંધ થઇ ગયા છે. મોટા પાયે થતા સામાજિક, રાજકીય અને ધાર્મિક કાર્યક્રમો, મેળાવડા ઓ આ બધું માણસ માટે ભૂત કાળ બની ગયું છે.

વ્યવસાયિક રીતે માણસ ના કામ ધંધા સદંતર બંધ થઇ ગયા છે. ધંધા વાળાઓ ના ધંધા બંધ થઇ ગયા છે અને બીજી બાજુ નોકરતીયાત વર્ગ પણ બેકાર થઇ ગયું છે. સૌથી વધારે પરિસ્થિતિ ખરાબ થઇ હોય તો તે મજૂર વર્ગની, જે રોજ કમાઈ ને રોજ ખાનારો વર્ગ છે તે સંપૂર્ણ રીતે પાયમાલ થઇ ગયો છે. વિશ્વ ની સાથે ભારત પણ આર્થિક મંદી માં સપડાઈ ગયું છે. ૧૦ થી ૧૨ કરોડ માણસો પોતાનો રોજગાર ગુમાવી દીધું છે જેની સીધી અસર ૫૦ કરોડ માણસો પર થઇ છે. મેનુફેક્ચુરિન્ગ, કૃષિ, સર્વિસ અને બીજા અનેક સેક્ટરો ઠપ થઇ ગયા છે. લોકો કાંતો પોતાના ધંધા બંધ કરી રહ્યા છે અથવા તો પોતાના વ્યવસાય ને વેચી રહ્યા છે તયાં સુધી કે ભારત નો ટોંચ ના ઉદ્યોગપતિ પોતાના ધંધા નો અમુક ભાગ માર્કેટ માં વેચી રહ્યા છે. કદાચ એવો પણ સમય આવવાની શક્યતા છે જ્યારે તમારો પોતાનો પૈસા પર નો અધિકાર તમારે ગુમાવવો પડે.

હમણાંના એક સર્વેના હિસાબે સરકારે અનેક સહાય પેકેજો જારી કાર્ય છતાં પણ ભારતનો GDP માઇનસ ૨૪% થી પણ વધારે આવી ગયો અને ભારત નું દેવું ૧૫૦ ટ્રિલિયનથી પણ વધારે થવાનો અંદાજ છે. દેશ પર વધી રહેલો આ દેવા બોજ આવનારા સમય માં સરકાર માટે તો સમસ્યા ઉભી કરશે પણ વ્યક્તિગત રીતે પણ આની ગંભીર અસર જોવા મળશે. કોરોનાએ સરકારના બજેટને તહેસનહેસ કરી નાખ્યો છે. આ ગંભીર સમસ્યા નો સામનો કરવા માટે સરકાર PSU યુનિટ વહેંચવા કાઢી રહી છે. લોકોના ખીસા ખાલી હોવાને લીધે સપ્લાયની સામે ડિમાન્ડ અત્યાંત ઓછી થઇ ગઈ છે જે આર્થિક મંદી માટેનું ગંભીર ચિન્હ છે. વિશ્વના ૧૦૦થી વધારે દેશોએ વિશ્વની નાણાકીય સંસ્થા IMF પાસે મદદ ની ગુહાર લગાવી છે.

કોરોનાવાઈરસ એ ચીને ફેલાવેલું જૈવિક હથિયાર (બાયોલોજિકલ વેપન્સ) છે, ચીનની કોઈ ચાલબાજી છે, વૈશ્વિક અર્થતંત્ર પર કાબુ મેળવવા ચીને ફેલાવેલો આતંક છે.. વગેરે સવાલો લોકોને થઈ રહ્યા છે. એ બધુ કદાચ ચીને ન કર્યું હોય તો પણ એટલું તો નક્કી છે કે ચીને વિશ્વને કોરોનાવાઈરસ વિશે સમયસર સાચી માહિતી આપી નથી. આજે ટ્રમ્પ ચીન પર તાડૂકે એમાં નવાઈ નથી. કેમ કે જાન્યુઆરીમાં જ વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશને ઓછામાં ઓછા ત્રણ વખત કહ્યું હતુ કે વાઈરસ અંગેની જરૂરી માહિતી ચીન પૂરી પાડતું નથી.

ચીને ઘણા દેશોને એક યા બીજી રીતે નડતાં રહેવાની નીતિ અપનાવી છે. મૂળભૂત રીતે અનીતિના માર્ગે ચાલવું એ જ ચીની નીતિ રહી છે. એટલે કોરોના પછી હવે દુનિયાના દેશો ચીન સાથે કેવો નીતિપૂર્ણ વ્યવહાર અપનાવે એ જોવું રહ્યું. કોરોના વાયરસની અસર દુનિયાની અર્થવ્યવસ્થા પર ખૂબ ખરાબ પડવાની છે. વર્લ્ડ બેંકએ પોતાના નવા રિપોર્ટ ગ્લોબલ ઇકોનોમિક પ્રોસ્પેક્ટમાં તેને લઈને ચિંતા વ્યક્ત કરી છે. વર્લ્ડ બેંકના પ્રેસિડન્ટ ડેવિડ મલપાસ અનુસાર ૧૮૭૦ બાદ આ પહેલો પ્રસંગ હશે, જ્યારે મહામારીના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં મંદી આવશે. આ વાત તેમણે તેમની ભૂમિકામાં કહી છે. નોંધનીય છે કે, વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ૧૮૭૦ બાદ અત્યાર સુધી ૧૪ વાર મંદી આવી છે. વર્લ્ડ બેંક ના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પ્રતિ વ્યક્તિ આવકમાં ૩.૬ ટકા ઘટાડો થવાની આશંકા છે. તેના કારણે આ વર્ષે કરોડો લોકો ભીષણ ગરીબીમાં ફસાઈ જશે. જે દેશોમાં મહામારીનો સૌથી વધુ પ્રસાર થશે અને ત્યાંની અર્થવ્યવસ્થા વૈશ્વિક વેપાર, પર્યટન, કમોડિટી નિકાસ અને એક્સ્ટર્નલ ફાઇનાન્સિંગ પર વધુ નિર્ભર હશે, ત્યાં ગરીબી સૌથી વધુ વધશે. કોરોના વાયરસના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં બીજા વિશ્વ યુદ્ધ બાદ સૌથી વધુ મંદી આવશે.

આ ઉપરાંત બીજી બધી વાતો નું વિચાર કરીયે તો આવનારા સમય માં IPL અને Olympics જેવી ગેમો બંધ થઇ જવાને કારણે મોટી આવકો બંધ થઇ જશે. મોટા લગ્ન સમારંભો, ડેસ્ટિનેશન વેડિંગ જેમાં અનેક લોકોને રોજગાર મળતા હતા તે પણ કોરોનાના હિસાબે બંધ થઇ જશે. ફેક્ટરી, જીમ, રેસ્ટોરન્ટ, પબ, મોલ્સ, સુપર માર્કેટ, સ્કૂલ, કોલેજો ક્યારે ખુલશે તે કહી શકાશે નહિ. કોરોનાને કારણે અનેક ધંધાકિય કરારોનું પાલન નહિ થતા કોર્ટમાં લખોની સંખ્યામાં કેસો થશે, તેથી ન્યાય તંત્ર પર કામ નો બોજો વધશે. અરાજક્તા અને ગુનેહગારનો પ્રમાણ વધશે, ભૂખ મારાને લીધે પણ અનેક લોકો રોગોના શિકાર બનીને મરણ પામશે. આવનારો સમય દરેક માટે ખૂબજ કપરો બને તેવા એંધાણ છે.

કોરોનાએ માણસને પોતાનું અસલી રૂપ બતાવી દીધું છે. ઈશ્વર સામે માણસ લાચાર છે એ કોરોના એ સાબિત કરી બતાવ્યું ઈશ્વર સર્વે સર્વા છે, તેની શક્તિ અમાપ છે, કોરોનાની એક થપાટે ઈશ્વરે માણસ પાસેથી બધુજ છીનવી લીધું . કોરોના એ માણસ ને બહુ મોટો પાઠ શીખડાવ્યો છે, હવે ફક્ત ઈશ્વરની કૃપાથી જ માણસ આ સંકટમાંથી બહાર આવી શકશે.

# ઘાટકોપરમાં ભર રસ્તે અજ્ઞાત શખ્સો દ્વારા ફેકવામાં આવતી રેતી - ડેબ્રિઝથી મનપા અને જનતા હેરાન



ઘાટકોપર વેસ્ટમાં મુંબઈ મેટ્રોની નીચે વાસુદેવ બળવંત ફડકે માર્ગ અને જાગૃતિનગર ખાતે ભર રસ્તે રાત્રીના સમયે અજ્ઞાત લોકો રેતી માટી અને મોટા પત્થરો - ડેબ્રિઝ ફેકી જતા હોવાથી રાહદારીઓ તથા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઘાટકોપર અંધેરી લિંક રોડ અને ગોળીબાર રોડ પર ગત અઠવાડિયામાં બે વખત ખૂબ મોટા પ્રમાણમાં ડેબ્રિઝ રોડ પર ફેકી જવાના બનાવો બન્યા હતા. મહાનગરપાલિકા એન વોર્ડ દ્વારા આ અંગે તપાસ હાથ ધરવામાં આવી હતી. નજીકના વિસ્તારમાં કોઈજ પ્રકારનું ખોદકામ કે અન્ય કાર્ય ચાલુ ન હોવાનું તેમને જાણવા મળ્યું હતું. જો નજીકના વિસ્તારમાં ખોદકામ ચાલુ નથી તો આ ડેબ્રિઝ ભરેલી ટ્રક અહીં કોણ ખાલી કરે છે તેની તપાસ પોલીસે હાથ ધરી છે. એન વોર્ડના ઘન કચરા વ્યવસ્થાપનના સહાયક આયુક્ત ઈરફાન કાઝીનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું કે નજીકમાં ઉપલબ્ધ સીસીટીવી ફુટેજના માધ્યમે આ વસ્તુની તપાસ થઈ રહી છે.

# ઘાટકોપરમાં ૯૦ ફૂટ રોડ રિપેર કરવાનું એમએમઆરડીએનું આશ્વાસન પણ બીજા માર્ગોનું શુ? જનતાનો સવાલ



૯૦ ફૂટ રોડ પર બન્ને બાજુએ ખાડાને કારણે નાના-મોટા અકસ્માત થતા હતા. અહીં મેટ્રો-૪નું કામ ચાલુ હોવાથી અડધા રસ્તા પર પતરાં નાખ્યાં છે જેથી અડધો રોડ બ્લોક થઈ ગયો છે. જ્યારે બાકી રહેતો અડધો રોડ ખાડાઓથી ભરેલો છે. ખરાબ રોડને દસ દિવસમાં નવો બનાવાશે એવું આશ્વાસન એમએમઆરડીએ આપ્યું હતું.

ઘાટકોપરમાં ૯૦ ફૂટ રોડપર મેટ્રોના ચાલી રહેલા કામને લીધે પડેલા ખાડાઓ રીપેર કરવાનું એમએમઆરડીએ દ્વારા આશ્વાસન આપવામાં આવ્યું છે પણ ઘાટકોપરના અન્ય માર્ગોપર પણ છેલ્લા દોઢ મહિનાથી પડેલ ખાડાઓ મહાનગરપાલિકા ક્યારે રિપેર કરશે તેવો સવાલ જનતા કરી રહી છે. બીજીબાજુ ખાડાઓ માટે ચુંટાયેલા જનપ્રતિનિધીઓ દરવર્ષની જેમ આ વર્ષે પણ હજુ એગ્રેસીવ દેખાતા નથી. જનતાની હાલત કફોડી બની છે. રાહદારીઓ અને વાહનચાલકો જે માર્ગોપર ખાડા છે ત્યાં ખૂબ તકલીફ અનુભવી રહ્યાં છે. ગત સપ્તાહમાં ૯૦ ફૂટ રોડ પરના ખાડાને લીધે એક વરીષ્ઠ નાગરીક સ્કૂટર પરથી પડી જતા ઈજાગ્રસ્ત થયા હતા.

# એનએસયુઆઈ દ્વારા પરીક્ષા દેવા જનાર વિદ્યાર્થીઓને માસ્ક - સેનિટાઈઝરનું વિતરણ




એનએસયુઆઈ દ્વારા જેઈઈની પરીક્ષા આપવા જઈ રહેલ વિદ્યાર્થીઓને તથા વાલીઓને અરૂમ આઈટી પાર્ક પવઈ ખાતેના પરીક્ષા સેન્ટર પર માસ્ક તથા સેનિટાઈઝરનું વિતરણ વિપીન સિંહ, પ્રદ્યુમન યાદવ તથા પ્રીન્સ જૈન દ્વારા કરવામાં આવ્યું હતું.

# આગામી બે મહિના પડકાર જનક નિવડી શકે છે : નિષ્ણાતોનો મત

મહાનગરમાં કોરોનાનો દરરોજ વધી રહેલા ગ્રાફ આગામી સમયના એંધાણ આપી રહ્યો છે. આવનારા બે થી ત્રણ મહિના હજુ વધુ સંભાળ માંગી લે એવા રહેશે. આ ઉપરાંત હિંદુ સંસ્કૃતિના તહેવાર પર્વની શ્રૃંખલા પણ છે. જેને લીધે સરકારી તંત્ર ચિંતામાં છે.

આ પડકાર જનક સ્થિતિનો અંદેશો વ્યક્ત કરતાં મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેએ છેલ્લા અમુક દિવસોથી કોવિડ-૧૯ના કેસોમાં આવેલો ઉછાળો જોતાં એમ લાગે છે કે રાજ્યના વહીવટી તંત્ર માટે આગામી અમુક માસ કસોટી જનક હશે. 'તેઓ કોવિડ પરિસ્થિતિ માટે યોજાયેલી રિવ્યુ મિટીંગમાં બોલી રહ્યાં હતા. જ્યારે રાજ્યમાં કેસ ૧ હજારથી દોઢ હજાર જેટલાં હતા ત્યારે એમ હતું કે આ તો રાજ્યમાં સૌથી વધુ પ્રસાર છે પરંતુ હવે તો દરરોજના ૧૭ થી ૧૮ હજાર વચ્ચે કેસો આવે છે જે ખરેખર ચિંતા જનક પરિસ્થિતિ દર્શાવે છે.'

મુંબઈમાં ૫ હજારથી ૬ હજાર બેડની વ્યવસ્થા કરવામાં આવી છે અને ઓક્સિજન તથા ઈસીયુ સુવિધાની પણ સગવડ કરી છે એમ પણ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું. આ દરમ્યાન ટીઆઈએફઆર-ટાટા ઈન્સ્ટિટ્યુટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ દ્વારા કરાયેલ અહેવાલમાં જણાવાયું છે કે સપ્ટેમ્બરમાં શહેરમાં કાર્યાલયો ૩૦ ટકા અને ઓક્ટોબરમાં ૫૦ ટકા જેટલો વધારો થવો જરૂરી છે. ત્યાર પછી નવેમ્બરમાં સોશિયલ ડિસ્ટેન્સિંગ સહિતના નિયમોનું કડક પણે પાલન કરી ફરીથી શહેરને ધમધમાતું કરી શકાય તેમ છે. તેવી જ રીતે શાળાઓ નવા વર્ષે એટલે જાન્યુઆરીથી શરૂ કરવી યોગ્ય ઠરશે વધુમાં આ અહેવાલમાં નોંધ્યું છે કે શહેરના લોકોની રોગપ્રતિકારક શક્તિ ડિસેમ્બર જાન્યુઆરી માસ સુધીમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોની ૭૫ ટકા અને બહુમાળી ઈમારતોમાં રહેતા લોકોમાં ૫૦ ટકા જેટલી એન્ટિબોડિઝ થઈ હશે. અનલોકડાઉન ચારમાં પણ જાહેર પરિવહન પર સતત લગાવવામાં આવી રહેલા પ્રતિબંધો આમ આદમી માટે આર્થિક રીતે નુકસાન કારક સાબિત થઈ રહ્યાં છે. નબળાં થઈ રહેલાં અર્થ તંત્રને કારણે સામાન્ય લોકોની આજીવિકા જાહેર પરિવહન સુવિધાઓ કાર્યરત કરીને લાંબા અંતરની ટ્રેન-બસ સેવાને તાત્કાલિક સાવચેતી રાખવા સજાગ કરીને નિયમોનું પાલન કરવા પર જોર આપવો જોઈએ એવો મત આપ્યો છે.

# ૭૫૩ કિલોમીટર મુંબઈ અને નાગપુર હાઈસ્પીડ રેલવે યોજનાનું કામ શરૂ થયું



મુંબઈ અમદાવાદ બુલેટ ટ્રેન પછી નેશનલ હાઈસ્પીડ રેલવે કોપોરેશને મુંબઈ-નાગપુર હાઈસ્પીડ ટ્રેન પ્રોજેક્ટનું કામ શરૂ કર્યું છે. મુંબઈ-નાગપુર બુલેટ ટ્રેન પ્રોજેક્ટને નામે પણ ઓળખાતી આ યોજના માટે કોર્પોરેશને ટેન્ડર બહાર પાડ્યાં ત્યારે બીજી બાજુ કોર્પોરેશનના અધિકારીઓ ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર) તૈયાર કવા માટે સંબંધિત દસ્તાવેજો અને નકશા ભેગા કરવા તથા બનાવવા માટે મથામણ કરી રહ્યા છે. દરમ્યાન મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ કોરોના રોગચાળાને કારણે વિલંબમાં પડે અને વર્ષ ૨૦૨૩ની ડેડલાઈન ચૂકી જાય એવી શક્યતા છે રેલવે બોર્ડના ચેરમેન વિનોદ યાદવે પ્રોજેક્ટ માટે આવશ્યક જમીનમાંથી ૬૩ ટકા જમીન અત્યાર સુધીમાં તાબામાં લેવાઈ હોવાનું જણાવ્યું હતું. તાબામાં લેવાયેલી જમીનમાંથી ૮૨ ટકા ગુજરાતની અને ૨૩ ટકા મહારાષ્ટ્રની છે. કોર્પોરેશનના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે 'પ્રસ્તાવિત મુંબઈ-નાસિક-નાગપુર કોરિડોરના પ્રોજેક્ટ માટે ટેન્ડર્સ બહાર પાડવામાં આવ્યાં છે. એ ટેન્ડર્સ કોરિડોરના માર્ગમાં આવતા વિસ્તારોના સબ સ્ટેશન્સ માટે પાવર સોર્સિંગ, સર્વે અને આઈડેન્ટિફિકેશન ઓફ યુટિલિટીઝમાં ઉપયોગી થશે ડીપીઆર તૈયાર કરવા માટે પણ ટેન્ડર પ્રોસેસ ઉપયોગી થશે. કલાકના ૩૨૦ કિલોમીટરની ઝડપે દોડનારી ટ્રેનની મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન જોડે પણ કનેક્ટિવીટી રહેશે. હાલ ઈગતપુરીના વિકટ ઘાટ વિસ્તારોમાંથી પસાર થતી મુંબઈ-નાગપુર દૂરોંતો ટ્રેન કલાકના ૬૫ કિલોમીટરની ઝડપે ૧૧ કલાકમાં ૭૫૩ કિલોમીટરનો પ્રવાસ પૂરો કરે છે. અન્ય હાઈસ્પીડ રેલવે પ્રોજેક્ટ્સમાં દિલ્હી વારાણસી (૮૬૫ કિલોમીટર)', દિલ્હી-અમદાવાદ (૮૮૬ કિલોમીટર), ચેન્નાઈ-મૈસુર (૪૩૫ કિલોમીટર) દિલ્હી અમૃતસર (૪૫૯ કિલોમીટર), મુંબઈ-હૈદ્રાબાદ (૭૧૫ કિલોમીટર) અને વારાણસી-હાવડા (૭૬૦ કિલોમીટર)નો સમાવેશ છે.

# સમગ્ર મુંબઈમાં જોખમી ઈમારતોની યાદીમાં પ્રથમ આવેલ ઘાટકોપરમાં હવે 30 વર્ષથી જૂની ઈમારતોનો પણ મનપા એન વોર્ડ દ્વારા શરૂ કરાયો સર્વે

મુંબઈમાં છેલ્લા એક મહિનામાં ૪ મોટા બિલ્ડીંગ પડી જવાની ઘટના બની છે જેમાં અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. દર વર્ષે વરસાદ આવવાની સાથે પાલિકા જર્જરિત બિલ્ડીંગોની યાદી તૈયાર કરાતી હોય છે. આ વર્ષે પણ મુંબઈ મહાનગરપાલિકાએ સમગ્ર મુંબઈમાં ૪૪૩ જર્જરિત બિલ્ડીંગોની યાદી બહાર પાડી છે જેમાં આશરે ૭૦ ટકા જેટલી ભયજનક હાલતની બિલ્ડીંગોમાં હજી પણ લોકો જાનના જોખમે રહે છે. સેન્ટ્રલ લાઈનમાં સૌથી વધુ ભયજનક હાલતમાં હોય એવી ઈમારતોની સંખ્યા ઘાટકોપર (૬૪) અને મુલુંડમાં (૪૭) આવેલી છે. પાલિકા જોખમી હાલતમાં હોય એવી દરેક ઇમારતને ખાલી કરવા માટે ચેતવણી આપતી હોય છે, પણ તેમાં રહેતા લોકોને પોતાના માથા પરની છત ન છીનવાય એ ડરથી તેઓ જગ્યા ખાલી નથી કરતા જેના પગલે અનેક અકસ્માત સર્જાતા હોય છે. પાલિકાની યાદી પ્રમાણે છેલ્લા ૭ વર્ષમાં ૩૦૦ લોકોએ બિલ્ડીંગ દુર્ઘટનામાં પોતાના જીવ ગુમાવ્યા છે. આને લીધે મેયર કિશોરી પેડણેકરએ સર્વ વોર્ડ અધિકારીઓને નિર્દેશ આપ્યો છે કે બીએમસી દ્વારા જૂની અને જર્જરિત ઈમારતોને મહિનામાં બે વાર નોટીસ ફટકારવામાં આવે. મુલુંડમાં ૩ જોખમી ઇમારતો તોડી પાડવામાં આવી છે. સપ્ટેમ્બરના અંત સુધી બીજી ૬ બિલ્ડીંગો તોડી પડાશે એવી માહિતી ‘ટી’વોર્ડના બિલ્ડીંગ વિભાગના અધિકારી પાસેથી પ્રાપ્ત થઇ છે.

જોખમી ઈમારતો ઉપરાંત બીએમસી દ્વારા ૩૦ વર્ષથી જૂની ઈમારતોનો પણ સર્વે હાથ ધરવામાં આવ્યો છે. એન વોર્ડ બિલ્ડીંગ ડિપાર્ટમેન્ટના ઓફિસરના જણાવ્યા મુજબ અધિકારીઓ દ્વારા એન વોર્ડની ૭૫૦૦ જેટલી પ્રાઈવેટ ઈમારતોમાંથી ૩૦ વર્ષ જૂની જે ઈમારતો છે તેનો સ્ટ્રક્ચરલ ઓડિટ હાથ ધરવામાં આવે છે. આ સ્ટ્રક્ચરલ ઓડિટ દરમ્યાન મુખ્યત્વે મકાનના પિલર મજબૂત છે કે નહીં તેની ચકાસણી કરાય છે. તેમાં નખાયેલ લોખંડના સળિયા કાટ ખાઈ ગયા છે, મકાન જોખમી તો નથી ને. તે બાબતોની ચકાસણી થાય અને જરૂરી જણાય તો રીપેરીંગ માટે સૂચન કરવામાં આવે છે.

## મુંબઈની કુલ ૪૪૩ જર્જરિત ઈમારતોની વોર્ડ દીઠ યાદી

| વોર્ડ | | કુલ ઈમારત | વોર્ડ | | કુલ ઈમારત |
|---|---|---|---|---|---|
| A | = | 4 | K/W | = | 37 |
| B | = | 2 | P/S | = | 5 |
| C | = | 2 | P/N | = | 28 |
| D | = | 9 | L | = | 19 |
| E | = | 11 | M/E | = | 2 |
| F/S | = | 5 | M/W | = | 11 |
| F/N | = | 28 | N | = | 52 |
| G/S | = | 9 | S | = | 4 |
| G/N | = | 10 | T | = | 49 |
| H/E | = | 27 | R/S | = | 17 |
| H/W | = | 51 | R/C | = | 17 |
| K/E | = | 31 | R/N | = | 13 |

એન વોર્ડમાં આવેલી વર્ષો જૂની જર્જરિત થઈ ગયેલી રાજાવાડી વિસ્તારમાં આવેલ બે બિલ્ડીંગને સી-૧ કેટગરી (અત્યંત જોખમી) જાહેર કરાયા છે. તેના રહેવાસીઓને મકાન ખાલી કરવા નોટિસ પણ અપાઈ છે. કર્મચારીઓએ મકાનોના રહેવાસીઓ મકાન ખાલી કરી નાખે તે માટે ત્યાંના પાણી અને ઈલેક્ટ્રીસીટીનું કનેક્શન કાપવા ગયા હતા પણ રહેવાસીઓની વિનંતી અને કોવિડ-૧૯ ની પરિસ્થિતીને ધ્યાનમાં રાખી કાર્યવાહી રોકી દેવામાં આવી હતી.

જર્જરિત મકાનો બાબતે તા.૩૧ ઓગસ્ટના મેયર કિશોરી પેડણેકરએ એક સમીક્ષા બેઠક યોજી હતી જેમાં તેમણે અધિકારીઓને જણાવ્યું હતું કે એવા મકાનો જેમાં રહેવાસીઓના જીવ જોખમમાં મુકાયા છે તેનો વીજળી અને પાણીનો પુરવઠો કાપી નાખવામાં આવે, કારણ કે આમ કરવાથી મનપા પાસે એક રેકોર્ડ રહેશે, જેમાં રહેવાસીઓને મકાનની અનિશ્ચિત સ્થિતિ અને તેમના જીવનાં જોખમ વિષે પહેલેથી જ ચેતવણી આપવામાં આવેલી છે. આવા મકાનો ખાલી કરાવવા માટે રહેવાસીઓને અનેક વાર ચેતવણી આપવામાં આવે છે અને ઘણી વખત મનપાને પણ સ્થળાંતરના મામલે રહેવાસીઓનો રોષ સહન કરવો પડે છે, પરંતુ દુર્ઘટના બાદ મનપાને વારંવાર દોષિત ઠરાવાય છે અને લોકોના રોષનો પણ સામનો કરવો પડે છે.

## મહારાષ્ટ્ર એજ્યુકેશન એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટ દ્વારા પીપીઈ કીટ મેડિકલમાં મળી રહે તેની ખાતરી આપી મેડિકલ સ્ટોર્સની યાદી જાહેર કરી

### ઘાટકોપરમાં આ ૮ મેડિકલ સ્ટોર્સમાં પીપીઈ કીટ મળી શકશે




મહારાષ્ટ્ર એજ્યુકેશન એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટ દ્વારા મેડિકલ પ્રેક્ટીશનર તથા મેડિકલ સંબંધી લોકો માટે પ્રાયવેટ પ્રોટેકશન કીટ ઉપલ્ભધ થાય તે હેતુ એ મહારાષ્ટ્રના મુખ્ય મેડિકલ સ્ટોર્સની યાદી તૈયાર કરી છે જ્યાં આ કીટ ઉપલબ્ધ રહેશે તેવી ખાતરી આપવામાં આવી છે. ઘાટકોપરમાં જે મેડિકલ સ્ટોર્સેમાં પીપીઈ કીટ મળી શકશે તેવા ૮ નામ, એડ્રેસ અને સંપર્ક સાથે જાહેર કરાયા છે. જે નીચે મુજબ છે.

1) Shalibhadra medical stores
Shop no. 5 Shalibhadra bldg Hingwala Lane, Nr. Popular Hotel, Ghatkopar East. Jayesh shah 02225013238, 9322211024
2) Pramanik Medical & General Store, 21/6 , Mumbai kiran soc., Tilak Road, opp.Sindhu Baug,Ghatkopar East. Bharat Damjibhai Motani 9870744303, 9870744303
3)National Chemist 6,Gopal Bhavan ,LBS Marg, Ghatkopar West. Vasant Dedhia 9323676323
4) Darpan Chemist, 7,Neelkanth shopping centre ,Cama lane, Ghatkopar West. Deepak Cheda 8879318058
5) Chedda pharma Departmental stores, M. G. Rd. Ghatkopar East. Mumbai 400077. Mahesh. R. Chedda 9323803539
6) Noble medicals,Shop no 1 Tara chs Ltd, LBS Marg, Near Shreyas Cinema Ghatkopar West. Rajesh Kale 9967782899
7) Noble chemist H J Doshi Hindu Sabha Hospital, Shraddhanand Road, Ghatkopar West. Rajesh Kale 9967782899
8) Noble medicals Vishal apt,Hingwala Lane,Ghatkopar East. Surekha Waghole 9892689224



## 'This is life'

- Yesha Kotak



This section is in Collaboration with Leo Multiple 3231

# 'You weren't rejected, you were redirected'

For the last few weeks, I have been telling you'll stories about people around us. Today, you will get to know a little about 'My life'.

Hasn't this pandemic affected lives of everyone around? I am sure if I ask each one of you, whether there was a significant change that happened in your life this year, most of you'll will come up with your story, let's listen to mine today.

According to the Centre For Monitoring Indian Economy, last week's data shows that the unemployment rate in urban India fell to the lowest level at 8.32%, ever since the lockdown started. You would read this and be like - the figures should have been higher because each of us in our circle know someone or the other who has lost their job in the pandemic due to the lockdown.

In my circle, that person is me.

Yes, your very own columnist, who sounds like a confident person today, was deep in dumps two months back.

Exactly a year after I was given the much coveted Kutch Shakti award, I was sitting at home, desperately trying to find jobs. It felt horrible that three years of working hard and being one of the prominent journalist in the city, I was simply asked to leave.

A mail came on my professional inbox one morning saying I had a virtual meeting with my editor and HR person. For any sensible person, it was an obvious sign that I was going to be laid off, and that's what happened. But, just to sugar coat, I was told that 'it was not about my performance and I was being asked to leave because my contract gets over'.

It was a bitter pill to swallow, especially amidst the pandemic when I was dealing with my anxiety related to Covid 19 as well.




Let me tell you, it wasn't easy to stay cool for two months. I kept on applying for freelance openings, started writing this columns , did household chores to keep myself occupied, cried to my friends, did workout, meditation and what not.

At a point or time, I was not even sure if I would be able to make a comeback in media, and had lost all hopes looking at the current scenario.

I kept on applying for any possible job that I thought would suit my interest. I got a few job offers as well, but a voice in me said that - 'Do not settle for anything lesser than your worth'.

Just a few days after declining that offer, I gave two grilling and difficult tests and interviews, which was for the current company that I work for - Republic Media Network. (Yes, we are crazy about Sushant Singh Rajput currently)

Today, I am a senior correspondent at the channel. A job I never thought I could do. I didn't even apply for this role. I had applied for a writing role in the online team, but looking at my passion I was chosen for the field job.

A person like me, who has always been into writing, never thought I would speak in front of camera some day.

But c'est la vie (This is life), here I am, getting a message each day from random people congratulating me for being on TV.



However, this isn't about 'my life', this is for all those who have lost their jobs recently - 'DO NOT GIVE UP AND PURSUE YOUR PASSION', because 'YOU WERE NOT REJECTED, YOU ARE REDIRECTED'



ઘાટકોપરના જાણીતા ભાજપા મહિલા મોર્ચા આગેવાન મીનાબેન અંતાણી દ્વારા આ અઠવાડિયે ૩૦૦ સ્ટીમ મશીન જરૂરીયાતમંદોને તથા ટ્રસ્ટને વિતરણ કર્યું હતું.

# ઘાટકોપર વેસ્ટની હિંદુ સભા હોસ્પિટલના કોરોના યોદ્ધા કર્મચારીઓનું સન્માન



ઘાટકોપર વેસ્ટમાં આવેલી હિંદુ સભા હોસ્પિટલ દ્વારા કોરોના મહામારીના ગત ૪ માસ દરમ્યાન કોરોના કેર સેન્ટર અને કોરોનાના દર્દીઓનું સુંદર સેવા બદ્દલ હોસ્પિટલના કોરોના યોદ્ધા કર્મચારીઓનું વિધાનસભ્ય પરાગ શાહ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. કોરોનાગ્રસ્ત ૫૦૦થી વધુ દર્દીઓ હિંદુ સભા હોસ્પિટલમાંથી સાજા થઈને ઘરે ગયા છે. હિંદુ સભા હોસ્પિટલ ટ્રસ્ટના મગનભાઈ, હિતેશ ખોખાણીના માર્ગદર્શન ડો. વૈભવ દેવગીરકર દ્વારા ઘાટકોપર કામાલેન ખાતે કોવિડ-૧૯ આઈસોલેશન સેન્ટર શરૂ કરવામાં આવ્યું અને લોકોને રાહતદરે પણ શ્રેષ્ઠ ઉપચાર મળી શક્યો. કોરોના યોદ્ધાઓના સન્માન પ્રસંગે ડો.રજનીકાંત મિશ્રા, ડો.રવિન્દ્ર કાંબળે, ડો.શ્રુતિ હળદણકર, ડો.રાહુલ કોલ્હે વગેરે ઉપસ્થિત હતા.



શ્રી સત્યસાઈ સેવા ઓર્ગેનાઈઝેશન એમએમઆર દ્વારા અમૃત કળશ સેવા હેઠળ આશરે ૮.૫ કિલો વ્યક્તિદીઠ અનાજ કીટનું જરૂરીયાતમંદ વેન્ડરોને વિતરણ કરવામાં આવ્યું હતું.



જય મલ્હાર ક્રાંતિ સંઘટના મુંબઈ દ્વારા ક્રાંતિકારી ઉમાજી નાઈકની જયંતિ ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે પ્રશાંત બોડરે, ભૂષણ ચૌહાણ, અજીત ભાયજે, સચિન ભાંગે, વિક્રમ જાધવ, અવિનાશ શેંડગે, નવનાથ બોડરે વગેરેની ઉપસ્થિતીમાં ઉમાજી નાઈકની જયંતી ઉજવાઈ હતી.

## જીંગલબેલ પ્રિસ્કૂલ દ્વારા વર્ચ્યુઅલ ગણેશોત્સવ

ઘાટકોપરના પંતનગર, લક્ષ્મીનગર અને રમાબાઈ આંબેડકર નગર ખાતે આવેલ જીંગલબેલ પ્રિસ્કૂલ દ્વારા ગણપતિની માટીની મૂર્તિઓ બનાવી પેઈન્ટ કરવાના પ્રોજેક્ટ સાથે ગણેશ ચતુર્થીની ઉજવણી કરવામાં આવી હતી.




Premium Confectionaries at your door step
Food Factory
By Vansh Ajmera
Free Home Delivery... Call to Order 8655185667

# આઈપીએલ (IPL) ૨૦૨૦ ટાઈમટેબલ (SCHEDULE)

| MATCH DAY | NO. | MATCH DAY | DATE | IST | UAE | VENUE | HOME | AWAY |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 1 | SAT | 19-SEP-20 | 7:30PM | 6:00PM | ABU DHABI | MUMBAI INDIANS | CHENNAI SUPER KINGS |
| 2 | 2 | SUN | 20-SEP-20 | 7:30PM | 6:00PM | DUBAI | DELHI CAPITALS | KINGS XI PUNJAB |
| 3 | 3 | MON | 21-SEP-20 | 7:30PM | 6:00PM | DUBAI | SUNRISERS HYDERABAD | ROYAL CHALLENGERS BANGALORE |
| 4 | 4 | TUE | 22-SEP-20 | 7:30PM | 6:00PM | SHARJAH | RAJASTHAN ROYALS | CHENNAI SUPER KINGS |
| 5 | 5 | WED | 23-SEP-20 | 7:30PM | 6:00PM | ABU DHABI | KOLKATA KNIGHT RIDERS | MUMBAI INDIANS |
| 6 | 6 | THU | 24-SEP-20 | 7:30PM | 6:00PM | DUBAI | KINGS XI PUNJAB | ROYAL CHALLENGERS BANGALORE |
| 7 | 7 | FRI | 25-SEP-20 | 7:30PM | 6:00PM | DUBAI | CHENNAI SUPER | KINGS DELHI CAPITALS |
| 8 | 8 | SAT | 26-SEP-20 | 7:30PM | 6:00PM | ABU DHABI | KOLKATA KNIGHT RIDERS | SUNRISERS HYDERABAD |
| 9 | 9 | SUN | 27-SEP-20 | 7:30PM | 6:00PM | SHARJAH | RAJASTHAN ROYALS | KINGS XI PUNJAB |
| 10 | 10 | MON | 28-SEP-20 | 7:30PM | 6:00PM | DUBAI | ROYAL CHALLENGERS BANGALORE | MUMBAI INDIANS |
| 11 | 11 | TUE | 29-SEP-20 | 7:30PM | 6:00PM | ABU DHABI | DELHI CAPITALS | SUNRISERS HYDERABAD |
| 12 | 12 | WED | 30-SEP-20 | 7:30PM | 6:00PM | DUBAI | RAJASTHAN ROYALS | KOLKATA KNIGHT RIDERS |
| 13 | 13 | THU | 1-OCT-20 | 7:30PM | 6:00PM | ABU DHABI | KINGS XI PUNJAB | MUMBAI INDIANS |
| 14 | 14 | FRI | 2-OCT-20 | 7:30PM | 6:00PM | DUBAI | CHENNAI SUPER KINGS | SUNRISERS HYDERABAD |
| 15 | 15 | SAT | 3-OCT-20 | 3:30PM | 2:00PM | ABU DHABI | ROYAL CHALLENGERS BANGALORE | RAJASTHAN ROYALS |
| 15 | 16 | SAT | 3-OCT-20 | 7:30PM | 6:00PM | SHARJAH | DELHI CAPITALS | KOLKATA KNIGHT RIDERS |
| 16 | 17 | SUN | 4-OCT-20 | 3:30PM | 2:00PM | SHARJAH | MUMBAI INDIANS | SUNRISERS HYDERABAD |
| 16 | 18 | SUN | 4-OCT-20 | 7:30PM | 6:00PM | DUBAI | KINGS XI PUNJAB | CHENNAI SUPER KINGS |
| 17 | 19 | MON | 5-OCT-20 | 7:30PM | 6:00PM | DUBAI | ROYAL CHALLENGERS BANGALORE | DELHI CAPITALS |
| 18 | 20 | TUE | 6-OCT-20 | 7:30PM | 6:00PM | ABU DHABI | MUMBAI INDIANS | RAJASTHAN ROYALS |
| 19 | 21 | WED | 7-OCT-20 | 7:30PM | 6:00PM | ABU DHABI | KOLKATA KNIGHT RIDERS | CHENNAI SUPER KINGS |
| 20 | 22 | THU | 8-OCT-20 | 7:30PM | 6:00PM | DUBAI | SUNRISERS HYDERABAD | KINGS XI PUNJAB |
| 21 | 23 | FRI | 9-OCT-20 | 7:30PM | 6:00PM | SHARJAH | RAJASTHAN ROYALS | DELHI CAPITALS |
| 22 | 24 | SAT | 10-OCT-20 | 3:30PM | 2:00PM | ABU DHABI | KINGS XI PUNJAB | KOLKATA KNIGHT RIDERS |
| 22 | 25 | SAT | 10-OCT-20 | 7:30PM | 6:00PM | DUBAI | CHENNAI SUPER KINGS | ROYAL CHALLENGERS BANGALORE |
| 23 | 26 | SUN | 11-OCT-20 | 3:30PM | 2:00PM | DUBAI | SUNRISERS HYDERABAD | RAJASTHAN ROYALS |
| 23 | 27 | SUN | 11-OCT-20 | 7:30PM | 6:00PM | ABU DHABI | MUMBAI INDIANS | DELHI CAPITALS |
| 24 | 28 | MON | 12-OCT-20 | 7:30PM | 6:00PM | SHARJAH | ROYAL CHALLENGERS BANGALORE | KOLKATA KNIGHT RIDERS |
| 25 | 29 | TUE | 13-OCT-20 | 7:30PM | 6:00PM | DUBAI | SUNRISERS HYDERABAD | CHENNAI SUPER KINGS |
| 26 | 30 | WED | 14-OCT-20 | 7:30PM | 6:00PM | DUBAI | DELHI CAPITALS | RAJASTHAN ROYALS |
| 27 | 31 | THU | 15-OCT-20 | 7:30PM | 6:00PM | SHARJAH | ROYAL CHALLENGERS BANGALORE | KINGS XI PUNJAB |
| 28 | 32 | FRI | 16-OCT-20 | 7:30PM | 6:00PM | ABU DHABI | MUMBAI INDIANS | KOLKATA KNIGHT RIDERS |
| 29 | 33 | SAT | 17-OCT-20 | 3:30PM | 2:00PM | DUBAI | RAJASTHAN ROYALS | ROYAL CHALLENGERS BANGALORE |
| 29 | 34 | SAT | 17-OCT-20 | 7:30PM | 6:00PM | SHARJAH | DELHI CAPITALS | CHENNAI SUPER KINGS |
| 30 | 35 | SUN | 18-OCT-20 | 3:30PM | 2:00PM | ABU DHABI | SUNRISERS HYDERABAD | KOLKATA KNIGHT RIDERS |
| 30 | 36 | SUN | 18-OCT-20 | 7:30PM | 6:00PM | DUBAI | MUMBAI INDIANS | KINGS XI PUNJAB |
| 31 | 37 | MON | 19-OCT-20 | 7:30PM | 6:00PM | ABU DHABI | CHENNAI SUPER KINGS | RAJASTHAN ROYALS |
| 32 | 38 | TUE | 20-OCT-20 | 7:30PM | 6:00PM | DUBAI | KINGS XI PUNJAB | DELHI CAPITALS |
| 33 | 39 | WED | 21-OCT-20 | 7:30PM | 6:00PM | ABU DHABI | KOLKATA KNIGHT RIDERS | ROYAL CHALLENGERS BANGALORE |
| 34 | 40 | THU | 22-OCT-20 | 7:30PM | 6:00PM | DUBAI | RAJASTHAN ROYALS | SUNRISERS HYDERABAD |
| 35 | 41 | FRI | 23-OCT-20 | 7:30PM | 6:00PM | SHARJAH | CHENNAI SUPER KINGS | MUMBAI INDIANS |
| 36 | 42 | SAT | 24-OCT-20 | 3:30PM | 2:00PM | ABU DHABI | KOLKATA KNIGHT RIDERS | DELHI CAPITALS |
| 36 | 43 | SAT | 24-OCT-20 | 7:30PM | 6:00PM | DUBAI | KINGS XI PUNJAB | SUNRISERS HYDERABAD |
| 37 | 44 | SUN | 25-OCT-20 | 3:30PM | 2:00PM | DUBAI | ROYAL CHALLENGERS BANGALORE | CHENNAI SUPER KINGS |
| 37 | 45 | SUN | 25-OCT-20 | 7:30PM | 6:00PM | ABU DHABI | RAJASTHAN ROYALS | MUMBAI INDIANS |
| 38 | 46 | MON | 26-OCT-20 | 7:30PM | 6:00PM | SHARJAH | KOLKATA KNIGHT RIDERS | KINGS XI PUNJAB |
| 39 | 47 | TUE | 27-OCT-20 | 7:30PM | 6:00PM | DUBAI | SUNRISERS HYDERABAD | DELHI CAPITALS |
| 40 | 48 | WED | 28-OCT-20 | 7:30PM | 6:00PM | ABU DHABI | MUMBAI INDIANS | ROYAL CHALLENGERS BANGALORE |
| 41 | 49 | THU | 29-OCT-20 | 7:30PM | 6:00PM | DUBAI | CHENNAI SUPER KINGS | KOLKATA KNIGHT RIDERS |
| 42 | 50 | FRI | 30-OCT-20 | 7:30PM | 6:00PM | ABU DHABI | KINGS XI PUNJAB | RAJASTHAN ROYALS |
| 43 | 51 | SAT | 31-OCT-20 | 3:30PM | 2:00PM | DUBAI | DELHI CAPITALS | MUMBAI INDIANS |
| 43 | 52 | SAT | 31-OCT-20 | 7:30PM | 6:00PM | SHARJAH | ROYAL CHALLENGERS BANGALORE | SUNRISERS HYDERABAD |
| 44 | 53 | SUN | 1-NOV-20 | 3:30PM | 2:00PM | ABU DHABI | CHENNAI SUPER KINGS | KINGS XI PUNJAB |
| 44 | 54 | SUN | 1-NOV-20 | 7:30PM | 6:00PM | DUBAI | KOLKATA KNIGHT RIDERS | RAJASTHAN ROYALS |
| 45 | 55 | MON | 2-NOV-20 | 7:30PM | 6:00PM | ABU DHABI | DELHI CAPITALS | ROYAL CHALLENGERS BANGALORE |
| 46 | 56 | TUE | 3-NOV-20 | 7:30PM | 6:00PM | SHARJAH | SUNRISERS HYDERABAD | MUMBAI INDIANS |

## ધીરેન તન્નાની ઈશાન મુંબઈ જિલ્લા કોંગ્રેસ બિઝનેસ અને એસ્ટાબ્લિશમેન્ટ સેલના અધ્યક્ષ તરીકે વરણી





ધીરેન જગજીવન તન્નાની મુંબઈ જિલ્લા કોંગ્રેસ બિઝનેસ અને એસ્ટાબ્લિશમેન્ટ સેલના અધ્યક્ષ તરીકે તા. ૭ સપ્ટેમ્બરના વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત ધીરેન તન્નાએ કોવિડ-૧૯ મહામારીને કારણે લાગુ કરવામાં આવેલા લોકડાઉન દરમ્યાન જનતાની તેમજ રાષ્ટ્રની અપ્રતિમ સેવાભાવના અને સમર્પણની ભાવનાથી કરેલી સેવા બદલ તેમને મુંબઈ પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ એકનાથ ગાયકવાડ અને અનિલ શર્માને હસ્તે સન્માન કરીને તેમને કોરોના હીરોનું પ્રમાણપત્ર અને બિરુદ આપવામાં આવ્યું હતું.

## સ્કૂલ આંશિક રીતે ખોલવા અંગે માર્ગદર્શિકા, ક્યારથી ખોલી શકાશે?

કેન્દ્ર સરકાર દ્વારા માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ૨૧મી સપ્ટેમ્બરથી આંશિક રીતે ખોલવાની છૂટછાટ આપવામાં આવશે. 'ટાઇમ્સ નાઉ'ના રિપોર્ટ પ્રમાણે, કેન્દ્ર સરકારના આરોગ્ય તથા પરિવારકલ્યાણ મંત્રાલય દ્વારા આ અંગેની સ્ટાન્ડર્ડ ઑપરેટિંગ પ્રોસિજર બહાર પાડવામાં આવી છે. જે મુજબ, ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થી 'સ્વૈચ્છિક ધોરણે' હાજર રહી શકશે તથા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ શિક્ષકો પાસેથી માર્ગદર્શન મેળવી શકે તે માટે શાળાઓને આંશિક રીતે ખોલવામાં આવશે. કોવિડ-૧૯ના પ્રસારની સંભાવનાને ઘટાડવા માટે શિક્ષકો, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ ફેસશિલ્ડ કે માસ્ક પહેરવાનાં રહેશે. હાથ ખરાબ ન હોય તો પણ ૪૦થી ૬૦ સેકન્ડ માટે સાબુથી હાથ ધોવા. શક્ય હોય તો આલ્કોહોલવાળા સેનેટાઇઝરથી ૨૦ સેકન્ડ સુધી હાથ સાફ કરવા. થૂંકવું નહીં, શક્ય હોય તો 'આરોગ્ય સેતુ' ઍપ્લિકેશન ડાઉનલોડ કરાવવી, છ ફૂટનું અંતર જાળવવાનો પ્રયાસ કરવો, છીંક અને ઉધરસ સમયે મોં તથા નાક ઢાંકવા વગેરે જેવી સર્વસામાન્ય માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

## દેવાલયો ધર્મસ્થાનકો ખોલવા જરૂરી?

**શબ્દોનું સ્પંદન**



**પ્રા. બિંદુ મહેતા**

આ દેશ આધ્યાત્મિકતાની ભૂમિ છે. મોટા ભાગના લોકો, કોઈ ને કોઈ ધાર્મિક સંપ્રદાયો સાથે ભાવાત્મક રીતે જોડાયેલા છે જે પ્રાર્થના શ્રધ્ધા આસ્થા તેઓનું મનોબળ મજબૂત કરે તેને ભય મુક્ત રાખે. આ દેશની કેવી કરૂણતા કે સરકારે દેવાલયો બંધ અને તગડી આવક માટે દારૂની દુકાન ખુલ્લી મુકી આજે બજાર, ઓફિસ, હોટેલો, ટ્રાન્સપોર્ટ સર્વીસ શરૂ કરી પરંતુ દેવાલયો બંધ? હિંદુઓમાં ભગવાન દેવદેવીઓ અપુજ્ય ન રાખી શકાય તેથી દેવસ્થાનો ખોલવા પડે તેવે વખતે પુજારી લાગતા વળગતા તો ધર્મ સ્થાનકોમાં જાય જ છે તો સામાન્ય લોકો સોશ્યલ ડીસ્ટન્સિંગનો પુરેપુરો ખ્યાલ રાખી કેમ ન જઈ શકે? એક મત પ્રમાણે કોઈના કપાળ પર લખેલું નથી હોતું કે આ વ્યક્તિ કોરોના યુક્ત છે કે મુક્ત તેથી ઘરે બેસીને પણ ભાવપુજા કરી જ શકાય છે તે પણ સાચું છે પરંતુ હવે જ્યારે મોટા ભાગનું બધુ જ ખુલી ગયું છે ત્યારે ધર્મ સ્થાનકો જ કેમ બંધ? ધાર્મિક તહેવારો કે ઉત્સવો ન ઉજવાય કારણ કે ગીરદી થાય પણ ધર્મ સ્થાનકો જ કેમ બંધ! ધાર્મિક તહેવારો કે ઉત્સવો ન ઉજવાય કારણ કે ગીરદી થાય પણ ધર્મ સ્થાનકોના ટ્રસ્ટી વ્યવસ્થાપકો વ્યવસ્થિત આયોજન કરી લોકોના હિત અને સુરક્ષા ધ્યાનમાં રાખી ચોક્કસ સમય માટે દેવાલયો ખોલી શકે છે. આમા વ્યવસ્થાપકોની અને વ્યક્તિની વ્યક્તિગત જવાબદારી ખુબજ વધી જાય છે. ધર્મ સ્થાનકો ખોલવાની પરવાનગી સરકાર આપે તો પણ ધર્મ સ્થાનકો ખોલવા કે નહિ તેનો અંતિમ નિર્ણય ટ્રસ્ટીનો રહે જો તેઓ પોહતાની ભાવિકોની સુરક્ષા યજાળવી શકે તેઓને ન્યાય આપી શકે તો જ દેવાલયો પુજા કે દર્શન માટે ખોલા શકાય અન્યથા તેઓ દેવાલયો પુજારી દ્વારા પુજા કરી બંધ રાખી શકે છે.

## "શું ડિપ્રેશન અને ક્લિનીકલ ડિપ્રેશન ભિન્ન ભિન્ન છે? ભાગ ૭-ગેરસમજ-૪

**ડૉ. મણીલાલ ગડા સિનીયર મનોચિકિત્સક**
**ડૉ. દિપ્તીશાહ (ગડા) મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**



**ડૉ. મણિલાલ ગડા**
**સીનીયર મનોચિકિત્સક**

આગળના લેખોમાં જાણ્યું કે ૧) નકારાત્મક વિચારો આવવા એક ક્લિનીકલ ડિપ્રેશનની બીમારીનું લક્ષણ છે આ નકારાત્મક વિચારો દર્દીના કાબૂમાં નથી હોતા ૨) શારીરિક બીમારીઓની જેમ ક્લિનીકલ ડિપ્રેશનની બીમારી વધઘટ થઈ શકે છે. દર્દી ઢોંગ કે નાટકનીથ કરતી. ૩) જે વ્યકિત પહેલા નિયમિત કાર કરનારી હોય તે એકાએક આળસુ બની કામથી વિમુખ થઈ જાય એ માનસિક રોગનું લક્ષણ છે. ૪) માનસિક બીમારી રોગ છે. ભૂત-પિશાચ કે શયતાન તથા બહારની અસર નથી. યોગ્ય સારવારથી દર્દી સારો થાય છે

આ લેખમાં આપણે જાણીએ કે ક્લિનીકલ ડિપ્રેશનની બીમારી અન્ય શારીરિક બીમારીઓ (ડાયાબીટીસ, હાઈ બ્લડપ્રેશર, થાઈરોઈડ વગેરે) જેવી જ છે. મગજમાં આવેલા મનના અવયવો તથા મનના રસાયણોમાં (કેમિકલ્સ ન્યોરોટ્રાન્સમીટર્સ) શારીરિક ફેરફારોને લીધે ક્લિનીકલ ડિપ્રેશનની બીમારી થાય છે. નીચે આપેલ ટેબલમાં શારીરિક બીમારીઓ તથા ક્લિનીકલ ડિપ્રેશનની બીમારીની સરખામણી કરેલ છે.

**શારીરિક બીમારી :**

૧) શારીરિક બીમારીઓ શરીરના અવયવોમાં રચના, કાર્યશક્તિમાં ફેરફારો થાય છે. દા.ત. ડાયાબિટીસમાં પેનક્રિયાસની ગ્રંથિમાં, થાઈરાડની બીમારીમાં થાઈરોઈડ ગ્રંથિમાં ફેરફારો થાય છે.

૨) ઉપરોક્ત ફેરફારથી શરીરના અવયવોના કાર્યોમાં ખલેલ પહોંચ તેછે.

૩) રસાયણની માત્રામાં વધઘટ થાય છે. ડાયાબીટીસમાં ઈન્સુલીન, થાઈરોઈડમાં થાઈરોક્સિન રસાયણમાં વધઘટ થાય છે.

૪) દવાઓ આપી આ રસયાણોની માત્રા નોર્મલ કરાય છે.

૫) દવાઓ દ્વારા રસાયણોની માત્રા નોર્મલ થતાં રોગના લક્ષણો કાબૂમાં આવે છે.

૬) શારીરિક બીમારીમાં વધઘટ થાય છે. બ્લડ સુગર, બ્લડ પ્રેશર વધી જાય છે.

૭) રોગની વધઘટ પ્રમાણે દવાઓમાં વધઘટ કરાય છે.

૮) દરદીના શરીરના અવયવો આ રસાયણો પૂરતા પ્રમાણમાં બનાવી શકતા નથી.

૯) આથી દવાઓ લાંબા સમય સુધી લેવી પડે છે.

૧૦) દવાના બંધાણી (addiction) નથી. પરંતુ શરીરની જરૂરિયાત છે.

૧૧) દવા યોગ્ય સમય સુધી નિયમિત લેવાથી ગુણવત્તાભર્યું જીવન જીવી શકાય છે.

૧૨) શારીરિક બીમારીઓ અનુવાંશિક (વારસાગત) છે.

**ક્લિનીકલ ડિપ્રેશનની બીમારી**

૧) ક્લિનીકલ ડિપ્રેશનની બીમારીમાં મનના અવયવોમાં કદ, રચના, કાર્યશક્તિમાં ફેરફારો થાય છે. દા.ત. પ્રિફન્ટલ કોરટેક્ષ, એમિડ્લિા, હીપોકેમ્પસમાં ફેરફારો થાય છે.

૨) ઉપરોક્ત ફેરફારોથી મનના અવયવોના કાર્યોમાં (લાગણી, વિચારો) ખલેલ પહોંચે છે.

૩) રસાયણની (ન્યુરોટ્રાન્સમીટર્સ) માત્રામાં વધઘટ થાય છે. સીરોટોનિન, એપીનેફ્રીનની માત્રામાં વધઘટ થાય છે.



**ડૉ. દિપ્તી શાહ (ગડા)**
**બાળ મનોચિકિત્સક**

૪) દવાઓ આપી આ રસાયણોની (ન્યુરોટ્રાન્સમીટર્સની) માત્રા નોરમલ કરાય છે.

૫) દવાઓ દ્વારા રસાયણોની માત્રા નોર્મલ થતાં ક્લિનીકલ ડીપ્રેશનના લક્ષણો કાબૂમાં આવે છે.

૬) ક્લિનીકલ ડિપ્રેશનની બીમારીમાં વધઘટ થાય છે. લક્ષણો વધી જાય છે.

૭) રોગના લક્ષણોની વધઘટ પ્રમાણે દવાઓમાં વધઘટ કરાય છે.

૮) દરદીના મનના અવયવો આ રસાયણો પૂરતા પ્રમાણમાં બનાવી શકતા નથી.

૯) આથી દવાઓ લાંબા સમય સુધી લેવી પડે છે.

૧૦) દવાના બંધાણી (addiction) નથી. પરંતુ શરીરની (મનના અવયવોની) જરૂરિયાત છે.

૧૧) દવા યોગ્ય સમય સુધી નિયમિત લેવાથી ગુણવત્તાભર્યું જીવન જીવી શકાય છે.

૧૨) ક્લિનીકલ ડિપ્રેશનની બીમારી અનુવાંશિક (વારસાગત) છે.

**વલણ બદલો :**

ક્લિનીકલ ડિપ્રેશનની બીમારી અન્ય શારીરિક બીમારીઓ પ્રમાણે જ છે. ક્લિનીકલ ડિપ્રેશનની બીમારી તથા દરદી પ્રત્યે અભિગમ બદલાવી હકારાત્મક વલણ અપનાવવાની ખૂબ જ જરૂરિયાત છે. જેનો લાભ દરદીને મળશે તથા દરદી જલ્દી સારો થશે.

# શું પુનર્જન્મ એક વાસ્તવિકતા છે?



– રાજયોગી બ્રહ્માકુમાર નિકુંજ

આત્માનં રથિનં વિદ્ધિ શરીરં રથમેવ ચ ॥ ૨૧ ॥
બુદ્ધિં તુ સારથિં વિદ્ધિ મનઃ પ્રગ્રહમેવ ચ ।
॥ કઠ ઉપનિષદ ॥

ભારતીય તત્વજ્ઞાન માં પુનર્જન્મ ને સૃષ્ટિ નો પ્રાકૃતિક કર્મ માનવામાં આવે છે. એવીજ રીતે વિશ્વના અન્ય દેશો અને ધર્મો માં પણ પુનર્જન્મ ની માન્યતા ને કોઈક ને કોઈક રીતે માન્ય કરવામાં આવી છે અને એનું પૂર્ણ વિશ્લેષણ સમયાંતરે ઉપનિષદો માં વર્ણવાયેલ છે. આપણામાંથી મોટાભાગના લોકો જયારે કોઈ વ્યક્તિની અંતિમયાત્રામાં સમ્મિલિત થઈએ છીએ, ત્યારે આપણને અચૂક 'સ્મ્શાની વૈરાગ્ય' ની અનુભૂતિ થાય છે જે આપણા તન અને મન ને સાવ જડ બનાવી દે છે. આવી અનુભૂતિ આપણને ત્યારે ત્યારે થાય છે જયારે જયારે આપણે મૃત્યુ ને ખુબ નજીકથી જોઈએ છીએ, એમાંય ખાસ ત્યારે જયારે આપણી નજીકની કોઈ પ્રિય વ્યક્તિ નું મૃત્યુ થાય છે. 'સ્મ્શાની વૈરાગ્ય' ની આ અનુભૂતિ બાદ થોડા દિવસો સુધી તો આપણે પોતાની જાતને તેમજ આપણી આસપાસના લોકોને આ એક જ પ્રશ્ન કરતા રહીએ છીએ કે 'જો બધાએ એક દિવસ મૃત્યુ ને જ પામવાની છે ,તો પછી જીવવા માટે આટલી બધી માથાકૂટ શું કામ કરવી? શાં માટે પાપ અને પુણ્ય નો હિસાબ રાખવાનો ?'. આ પ્રશ્ન અને આવા બીજા ઘણા પ્રશ્નો મનમાં આવવા સ્વાભાવિક છે કારણકે મર્યા પછી આપણું શું થશે, આ વાંકા પ્રશ્ન નો જવાબ કોઈની પાસે નથી, અને માટેજ આપણે મૃત્યુ થી અંદર ને અંદર ભયભીત થતા રહીએ છીએ.

દુનિયામાં બે પ્રકારના લોકો હોય છે જે પુનર્જન્મ વિષે બે અલગ અલગ માન્યતાઓ ધરાવતા હોય છે. આમાંનું એક જૂથ એ છે જે માને છે કે મનુષ્ય નો પુનર્જન્મ થાય છે અને બીજું જૂથ એવું છે કે જે માને છે કે મનુષ્ય નો પુનર્જન્મ સંભવ નથી. અ બન્ને સિવાય ત્રીજા પ્રકાર નું પણ એક એવું જૂથ છે જે માને છે કે મનુષ્યઆત્મા નો પુનર્જન્મ મનુષ્ય તરીકે જ થાય છે. માની લો કે મનુષ્ય પુનર્જન્મ ના લે તો ? આવી પરિસ્થિતિ માં પછી લોકોને સારા કર્મ કરવાની અને ખરાબ કર્મોથી દુર રહેવાની પ્રેરણા ક્યાંથી મળશે ? સામાન્યપણે લોકો જયારે દાન-પુણ્ય કરે છે, ત્યારે તેઓ સભાન અથવા અર્ધજાગ્રત જાગરૂકતા સાથે એ જ વિચારતા હોય છે કે આનું ફળ અમને આવતા જન્મે પરમાત્મા તરફથી મળશે, પરંતુ જો આવા લોકોને એમ કહેવામાં આવે કે મૃત્યુ બાદ કોઈનું કંઈ ભવિષ્ય નથી, તો પછી એમને દાન-પુણ્ય કરવાની પ્રેરણા જ નહીં આવે. એટલા માટે એ ખુબજ જરૂરી છે કે આપણે સત્યને જાણીએ જેથી અનેક પ્રકારની ગૂંચવણો થી આપણે પોતાની જાતને મુક્ત રાખી શકીએ. ભારતના ઋષિ- મુનિઓ તેમજ તત્વજ્ઞાનીઓએ પોતાની તીક્ષ્ણ બુદ્ધિ, યોગશક્તિ અને તર્ક પ્રણાલી થી એ સિદ્ધ કરી બતાવ્યું છે કે આત્મા ક્યારે પણ મરતી નથી, તે એક અવિનાશી સત્તા છે જે દૈવી નિયમનુસાર જુદા જુદા શરીરમાં પ્રવેશ કરીને આ વિશાલ સૃષ્ટિરૂપી રંગમંચ ઉપર પોતાની ભૂમિકા બજાવે છે. વાસ્તવિકતા એ છે કે જયારે શરીર જુનું થઇ જાય છે અથવા તો એની અવસ્થા જીર્ણશીર્ણ થઇ જાય છે, ત્યારે આત્મા એ જુના શરીર ને છોડીને ફરીથી એક નવું શરીર ધારણ કરે છે. અતઃ તકનીકી રીતે શરીર મરે છે, ન કે આત્મા. આપણે આ હકીકત ને ભૂલવી ના જોઈએ કે જે રીતે એક બીજ ની વાવણી કર્યા વગર એનું વૃક્ષ માં રૂપાંતર નથી થતું, એ જ રીતે જુનું શરીર મુકીને આત્મા નવા શરીરમાં પુનર્જન્મ નહીં લે, તો એના અસ્તિત્વ નો કોઈ અર્થ જ નહીં રહે. માટે, પુનર્જન્મ ની વાસ્તવિકતા ને નામંજૂર કરવી એ તર્ક ની વિરુદ્ધ છે.

મનુષ્ય ના રૂપમાં આપણા બધા જ વ્યવહાર અન્ય મનુષ્યો સાથે જ થતા હોય છે, જેના પરિણામે આપણે એકબીજા જોડે અનેક પ્રકારના કર્મ બંધન અને કર્મસંબંધ માં જોડાઈએ છીએ, જેનો હિસાબ ચુક્ત કરવા માટે આપણે વારંવાર મનુષ્ય રૂપમાં પુનર્જન્મ લેવો જ પડે છે. જેમ કેરી ના બીજ માં થી કેરી નું વૃક્ષ નીકળે છે ,જે પછી આગળ જઈને મીઠા આંબા આપે છે અને સમય જતાં ફરીથી તે કેરી નું બીજ આપે છે, બરોબર એવીજ રીતે આત્મા પણ પોતાની અંદર માનવીય ગુણો તેમજ ભાવનાઓ અને અનુભવો ને ધારણ કરે છે અને મનુષ્ય જીવના બીજ રૂપે સદા શરીર ની અંદર વિદ્યમાન રહે છે. આ રીતે વિચારવા જઈએ તો એ સ્પષ્ટ થાય છે કે હિન્દૂ ગ્રંથો માં વર્ણવેલ પુનર્જન્મ નો સિદ્ધાંત એ કંઈ કલ્પિત અથવા અવૈજ્ઞાનિક નથી અપીતું આ એક અકાટ્ય સત્ય છે જેનું પ્રમાણ ભારત માં જ નહીં બલ્કી અન્ય દેશો તથા જાતિઓ માં પણ સમયાંતરે જોવા મળ્યું છે. આ બધા તથ્યો ઉપર થી આપણે દ્રઢપણે એ કહી શકીએ છીએ કે આત્મશક્તિ કે જીવાત્મા પણ અન્ય શક્તિયો ની જેમ અવિનાશી છે અને તે સમય-સમયે એક કોષ (શરીર) થી બીજા કોષ માં પોતાનું સ્થાન પરિવર્તિત કરતી રહે છે જેને પુનર્જન્મ કહેવાય છે.

# મેયર કિશોરી પેડણેકરની કંપનીના એડ્રેસ પર આઠ બોગસ કંપનીઓ રજીસ્ટર થઈ હોવાનો કિરીટ સોમૈયાનો આરોપ

ભાજપા નેતા કિરીટ સોમૈયાએ વરલીમાં મુંબઈના મેયર કિશોરી પેડણેકર અને તેમના પરિવારના નામે ઊભી કરવામાં આવેલી કંપનીના જ સરનામાં પર ઊભી કરવામાં આવેલી અન્ય આઠ બોગસ અને શંકાસ્પદ કંપનીઓ અંગે તપાસણી કરવાની માંગ કરતી ફરિયા ઠાકરે સરકારને સબમીટ કરી છે. તાજેતરમાં સોમૈયાએ વરલીમાં ગણપતરાય કદમ માર્ગ સ્થિત ગૌમાતા જનતા એસ્સાર નસ્ત્રએથ, બિલ્ડીંગમાં આવેલી કિશ કોર્પોરેટ સર્વિસીસ ઈન્ડિયા પ્રા. લિ. (કિશોરી પેડણેકર એન્ડ ફેમિલી કંપની)ની રજીસ્ટર્ડ ઑફિસની મુલાકાત લીધી હતી. ગ્રાઉન્ડ ફ્લૉર પર આવેલી આ ઑફિસના એડ્રેસ પર આઠ બોગસ કંપનીઓ રજીસ્ટર થઈ હોવાનો દાવો સોમૈયાએ કર્યો છે. મેયર કિશોરી પેડણેકર ૨૦૧૨માં નગરસેવિકાના ૫ પર હતા ત્યારે વર્ષ ૨૦૧૩માં તેમણે કિશ કોર્પોરેટ સર્વિસીસ ઈન્ડિયા પ્રા. લિ. ની સ્થાપના કરી જેને મહાનગર પાલિકાનો કરાર મળ્યો હતો.



# ગત વર્ષની તુલનાએ મુંબઈમાં બે મહિનામાં ૧૨ હજાર વધુ મૃત્યુ કેમ? કિરીટ સોમૈયાનો સવાલ

માજી સંસદસભ્ય અને ભાજપા નેતા કિરીટ સોમૈયાએ મહારાષ્ટ્રની ઠાકરે સરકારને વેધક પ્રશ્ન કરતાં પૂછ્યું છે કે મે-જૂન ૨૦૧૯ની તુલનાએ મે-જૂન ૨૦૨૦માં ૧૧૯૯૬ વધુ મૃત્યુ નોંધાયા છે જ્યારે બીએમસીએ કોવિડ-૧૯નો મૃત્યુ આંક ૪૫૫૭નો આપ્યો છે. મે અને જૂનમાં દેશવ્યાપી સંપૂર્ણ લોકડાઉનને પરિણામે આકસ્મિક મૃત્યુની સંખ્યા મામૂલી રહી છે. મુંબઈમાં મે અને જૂન ૨૦૧૯માં કુલ ૧૩૬૨૯ મૃત્યુ નોંધાયા હતા જ્યારે મે-જૂન ૨૦૨૦ના બે મહિનાના ગાળામાં બીએમસીએ ૨૫૬૨૫ મૃત્યુ થયા હોવાનું તેના રેકોર્ડમાં નોંધ્યું છે. આમ મે-જૂન ૨૦૨૦ના બે મહિનાના ગાળામાં મુંબઈમાં ૧૧૯૯૬ વધુ મૃત્યુ નોંધાયા છે. ડો. કિરીટ સોમૈયા અનુસાર ઠાકરે સરકાર જણાવે છે કે મુંબઈમાં ૩૦ જૂન ૨૦૨૦ સુધીમાં કોરોના કોવિડ દ્વારા મૃત્યુઆંક ૪૫૫૭નો છે આ સંજોગોમાં ઠાકરે સરકાર સમજાવશે કે મે-જૂન ૨૦૨૦ના બે મહિનાના ગાળામાં આટલી મોટી સંખ્યામાં મૃત્યુ કેવી રીતે થયા છે? શું કોવિડ દ્વારા મૃત્યુનાં આંકડામાં ગોલમાલ તો નથીને? એવો પ્રશ્ન ડો. કિરીટ સોમૈયાએ કર્યો છે. આંકડોકી હેરફેરી હોવાનું તેમનું માનવું છે.

# કોરોનાગ્રસ્ત દર્દીના શરીરમાં એન્ટીબોડી ફક્ત ૫૦ દિવસ જ સક્રિય રહે છે

કોરોના સંક્રમિત દર્દીઓ સંબંધિત એક રિસર્ચ પ્રોજેક્ટ જે. જે. ગ્રુપ ઓફ હોસ્પિટલ્સે હાથ ધર્યો હતો. આ અભ્યાસ દ્વારા જાણવા મળ્યું હતું કે કોરોનાના દર્દીના શરીરમાં રોગ પ્રતિકારક એન્ટીબોડી ૫૦ દિવસથી વધુ રહેતી નથી. આ રિસર્ચ પેપરના મુખ્ય લેખક ડો. નિશાંત કુમારનું કહેવું છે કે અમે જે. જે., જી.ટી. અને સેન્ટ જ્યોર્જ હોસ્પિટલના ૮૦૧ સ્વાસ્થ્યકર્મી ઓનો અભ્યાસ કર્યો હતો. આ સ્વાસ્થ્યકર્મીઓ સતત કોરોનાના દર્દીઓના સંપર્કમાં રહેતા હોવાથી એમના શરીરમાં રોગ પ્રતિકારક એન્ટીબોડી ઉત્પન્ન થાય છે. શરીરમાં એન્ટીબોડીની હાજરી જાણવા માટે સેરો ટેસ્ટ કરવામાં આવે છે. આ ૮૦૧ સ્વાસ્થ્યકર્મીનો આરટી-પીસીઆર મેથડથી કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો, જેમાં ૨૮ સ્વાસ્થ્યકર્મીઓ કોરોનાગ્રસ્ત જણાયા. તેઓનો કોરોના ટેસ્ટ નેગેટીવ આવ્યા બાદ તરત તેમની સેરો ટેસ્ટ કરવામાં આવી ત્યારે એ બધાના શરીરમાં એન્ટીબોડી જોવા મળ્યા હતા. ૫૦ દિવસ પછી ફરી સેરો ટેસ્ટ કરવામાં આવતાં આ ૨૮ સ્વાસ્થ્યકર્મીઓમાંથી કોઈના પણ શરીરમાં એન્ટીબોડી જોવા મળ્યા નહીં.


કોઈ વ્યક્તિના શરીરમાં કોરોના વિરુદ્ધની એન્ટીબોડી હોય તો તેને ફરી કોરોના વાયરસ થઇ શકે નહીં છતાં હોંગકોંગમાં એક દર્દીને ફરી કોરોના થતાં સ્વાસ્થ્યકર્મીઓમાં ખળભળાટ મચ્યો છે. આથી આ પ્રોજેક્ટના પરિણામોનું મહત્વ વધી જાય છે.

વિશ્વમાં થયેલ સંશોધનોમાં એમ જણાયું છે કે, જે દર્દીને કોરોનાના લક્ષણો ન હોય એટલે કે એ અસિમ્પ્ટોમેટિક હોય તેમનામાં કોરોનાના લક્ષણોવાળા એટલે કે સિમ્પ્ટોમેટિક દર્દીની તુલનામાં ઓછી એન્ટીબોડી બને છે. જે દર્દી લાંબો સમય કોરોનાના શિકાર બની રહે છે તેમના શરીરમાં ૩ થી ૪ મહિના એન્ટીબોડી બની રહે છે.સંશોધનના આ પરિણામોથી એવું પણ તારણ નીકળી શકે કે કોવિડ-૧૯ વિરુદ્ધની રસી વધુમાં વધુ ત્રણ મહિના સુધી કોરોનાથી રક્ષણ આપી શકે અને ત્યાર પછી ફરીથી બીજો ડોઝ લેવો પડે એવી શક્યતા છે.

# આઈએમએના મતે ખાનગી હોસ્પિટલોમાં કોરોના સારવાર માટેના દર અવાસ્તવિક રીતે મંજૂર રખાયા છે

રાજ્ય સરકારે કોરોના વાઈરસની સામે લડવા તમામ ખાનગી અને સેવાકીય હોસ્પિટલોના ૮૦ ટકા પલંગ કોરોનાના દર્દીઓ માટે ફાળવવાનો નિર્ણય વધુ ત્રણ માસ માટે લંબાવી દીધો છે. તો તેની સાથો સાથ અગાઉ નક્કી કરાયેલી સારવારના દરોને પણ ત્રણ માસની અવધિ માટે બહાલ રખાયા છે. આની સામે ખાનગી હોસ્પિટલો તેમજ ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનએ વિરોધ કરવા મક્કમ છે. આ નિર્ણયને કારણે ખાનગી હોસ્પિટલોને આર્થિક રીતે ભારે ફટકો પડશે એવું જણાવેલ છે.

સરકારના આ સર્કયુલરમાં સ્પષ્ટ શબ્દોમાં લાઈનદોરી આપવામાં આવી છે કે સરકારે નક્કી કરેલા દર પ્રમાણે જ હોસ્પિટલ કોરોના દર્દી પાસે થી ફી વસૂલ કરવી પડશે.



જોકે આઈએમએની મહારાષ્ટ્ર શાખાએ પત્ર દ્વારા આટલા નીચા દરો રાખવા સામે વિરોધ કર્યો છે. આના લીધે ખાનગી હોસ્પિટલની કમર તૂટી જશે એવો સૂર વ્યક્ત કર્યો છે. ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન સાથે સલાહ બેઠક કર્યા વગર સરકારે દર જાહેર કરી દેતાં આટલા નીચા દરે હોસ્પિટલનું સંચાલન કરવું નાની હોસ્પિટલોને નહીં પરવડી શકે. આ વિરોધના પ્રતિસાદરૂપે સરકાર દર નક્કી કરવા માટે અલગથી બેઠક બોલાવવાનું વચન આપ્યું છે.

વોઈસ ઓફ ઘાટકોપર
# ક્લાસિફાઈડ્સ
એડ આપવા માટે સંપર્ક 022-40229684
/vognewslive
www.vognewslive.com

**જાહેરખબરના દર**

ક્લાસિફાઈડ્સ જાહેરખબર ૧૫ શબ્દોના રૂા. ૧૦૦ લેખે સ્વિકારવામાં આવશે. હેડીંગના રૂા. ૧૦ એક્સ્ટ્રા થશે. ૧૫ શબ્દો પછીના વધારાના દરેક શબ્દ દીઠ રૂા. ૪. જાહેરખબર બુધવાર સાંજ સુધી જ સ્વીકારવામાં આવશે. જાહેરાતનું લખાણ ઓફિસ પર ઉપલબ્ધ ફોર્મમાં જ લખી આપવાનું રહેશે. જાહેરખબર પ્રગટ કરવાની સામગ્રી કાર્યાલયમાં આપો ઘાટકોપર ટાઈમ્સ પબ્લિકેશન સેન્ટર

**–: ઓફિસ :–**

એ–૧, સત્યમ શોપીંગ સેન્ટર, એમ.જી.રોડ, ઘાટકોપર (ઈસ્ટ). સંપર્ક : ૯૦૨૨૨૭૯૬૮૪

voiceofghatkopar@gmail.com

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે કોઈને પણ પૈસા મોકલતા પહેલા, કોઈ ખર્ચ માથે લેતા પહેલા કે કોઈપણ પ્રકારનો કરાર કરતા પહેલા વાચકો પૂરતી પૂછપરછ કરી લે એવો તેમને અનુરોધ છે. એડવર્ટાઈઝરો દ્વારા પોતાની પ્રોડક્ટ અને સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તેના વિશે વોઈસ ઓફ ઘાટકોપર કોઈ જવાબદારી સ્વીકારતું નથી. એડવર્ટાઈઝરો પોતાના દાવામાં ખરા ન ઉતરે એવા સંજોગોમાં કોઈપણ પરિણામ માટે વોઈસ ઓફ ઘાટકોપરના માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

– સંચાલક

## આરોગ્ય

ALLSTAR Shipping Offers Packing and Shifting of House Hold Goods Anywhere In India & Abroad. **Contact : 9867572251.** (1717)529

## મનોરંજન

**Jalsa Event**

Starting Just@7000/- with Singer+DJ+Host make party/celebration/ wedding memorable. **9322600800.** (267)511

## મનોરંજન

**નિર્મલ ઠક્કર**

જૈન સ્તવન, સંગીતસંધ્યા, લગ્નગીત, ભજન, પ્રાર્થના, દરેક પ્રકારના મનોરંજન કાર્યક્રમ માટે. **93239 46210, 98696 66672.** (1801)540

## ધંધાદારી

**દેશ વિદેશ કુરિયર 24x7**

ડોક્યુમેન્ટ્સ, મેડિસીન, કુરિયર, ખાવાપીવાની ચીજ વસ્તુઓ, યુ.કે., યુ.એસ.એ., ઓસ્ટ્રેલીયા મોકલવા. **અનુજ સંગોઈ - ફોન : 8879991866.** પેક એન ડિલેવર. (1761)533

**પ્રતાપ પેકર્સ એન્ડ મુવર્સ**

૪૫ વર્ષથી ઓફિસ ઘર સામાન. **લલીતભાઈ ઠક્કર- 99209 55291, 98210 70320, 98215 43816.** (431)529

Ashish Packers & Movers door to door, All India Service **Mumbai 23784617 / 9320657411, Andheri 9322783239, Borivali 9619079978, Worli 9699428678.** (1808)539

**ACE પેસ્ટીસાઈડ**

૧૯૯૩થી સોસાયટીના સ્પેશ્યાલીસ્ટ ઈજેક્શનથી - ઉધઈ, માકડ, વાંદાનો જેલથી નાશ. **9220789533, 9029181030.** (1850)542

**એકાઉન્ટ્સ સોસાયટી-કંપની**

કંપની અને સોસાયટી એકાઉન્ટ્સ, જીએસટી રીટર્ન ફાઈલીંગ, ઈન્કમટેક્સ સાથે ફાઈનલાઈઝેશન સુધી કમ્પ્યુટર ઉપર કરી આપશું. **દિલીપભાઈ : 9324203535.** (B-)

## રીઅલ એસ્ટેટ

**શૈલેષ વોરા**

**રીઅલ એસ્ટેટ કન્સલટન્ટ**

ઘાટકોપર ઈસ્ટ/વેસ્ટમાં શોપ, ઓફિસ ફ્લેટ લેવા-વેચવા તેમજ લીવ લાયસન્સ માટે. **શૈલેષભાઈ વોરા : 88985 38335, 90048 38335.** (1813)539

## નોકરી સંબંધી

**OPPORTUNITY !!**

(Ghatkopar) Exclusive for Retired/VRS/NRI/ Bankers & HouseWife To Restart 2nd career. Earn Desire Income + Allowance +Special Training **Call :9594594301.** (1748)532

## મહિલા માટે

**WOMEN START EARNING**

10,000 - 30,000 PM, BECOMING COMMISSION PARTNER PROPERTY CHANNEL PARTNER FIRM. **91522 47683 / 98214 25950.** (1762)534

Exclusive range of gharchola, bandhani, chania-choli, panetar & fancy sarees. **Jyoti Saree, Matunga,** King Circle **Ph.: 2404 3995.** (1812)539

**ઈમિટેશન જ્વેલરી**

સેટ લોંગ બુટ્ટી, બંગડી, કડા, બ્રેસલેટ ૫૦ ટકા ડિસ્કાઉન્ટથી મળશે. સમય ૩ થી ૬. **બીના : 70218 46077.**(1781)536

**ભાડા પર કપડા**

ચણીયાચોલી, ગાઉન, ઈન્ડો વેસ્ટર્ન ભાડેથી મલશે. ભાડુ ૧૦૦૦થી ચાલુ, પૂજા જોડ, કપલ જોડ વેચાતી મળશે. **આરતી શેઠ: 9029678055.** (1781)536

SALE OR EXCHENGE OFFER FOR KURTIES, DUPATTAS AND NIGHTIES **CONTACT 9821468567** OR VISIT OUR STALL AT BHATIA WADI. (P)545

## રીઅલ એસ્ટેટ

**GHATKOPAR**

FLATS - 1/2/3 BHK NEW / OLD. BLDG 80 LAC TO 2.80 CR. RENTAL 25K. TO 75K. COMMERCIAL - INDUSTRIAL - LAND. **NAVGRAHAA REALTY : 91522 47683 / 98214 25950.** (1762)534

**ભાડાનાં સ્પેશિયાલીસ્ટ**

ઘાટકોપરથી ચેમ્બુરમાં રેસીડેન્શીયલ/કમર્શિયલ રૂા.૧૮,૦૦૦થી રૂા.૧,૫૦,૦૦૦ સુધી આપવા લેવા માટે

**ચિંતન દેસાઈ**

**શ્રી મહાલક્ષ્મી રીઅલટર્સ**

**9321234567**

**ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર, તીલકનગર, મુલુંડથી માટુંગા**

ફ્લેટ ઓફિસ દુકાન ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા. **પંકજ નરેન્દ્ર વોરા - 9321103249.**

## લગ્ન સંબંધી

**યુનિક સગપણ માહિતી કેન્દ્ર**

(યુનીક ગ્રુપ, ચેમ્બુર-ઘાટકોપર) જૈન, વૈષ્ણવ, મારવાડી, ગુજરાતી તથા બધી જ જ્ઞાતીના ઉમેદવાર (કેન્ડીડેટ) લગ્ન માટેનું સચોટ ઠેકાણું. મુકેશ મહેતા : **: 9920014557.** (B-522)

## રીઅલ એસ્ટેટ

**Tirupati Realtors**

Available/Wanted Offices - Shops on sale & Leave-License 500 to 50,000 ft. **Cont.: 022-2269 5252 / 98206 10810** (1815)539

**સુવર્ણ તક સુવર્ણ તક**

માર્કેટમાં ઝડપથી વધુ બિઝનેશ કરતી કંપનીને ફ્રેન્ચાઈઝી આપવી છે ફક્ત રૂા.૮૦,૦૦૦ના રોકાણમાં દિવસનાં ત્રણ થી ચાર કલાક કામ કરી

**માસિક રૂા.30000 થી 60000 કમાવવાની અમૂલ્ય તક**

નિવૃત લેડીઝ જેન્ટ્સ તથા દરેક માટે બેસ્ટ બિઝનેશ તક ટુ વ્હિલર આવડતુ હશે તેના માટે બેસ્ટ તક આજે જ મળો

**MEHTA ENTERPRISES**

10/A, Gr. Floor, Kanara Business Center, Laxmi Nagar, Ghatkopar Anderi Link Road, Ghatkopar (East), Mumbai - 400 075.

**9967421409 / 8291440870 / 7623901554**

# ઓક્ટોબરથી કેન્દ્ર સરકાર રાજ્યને દવાઓ-મેડિકલ સામગ્રી આપવાનું બંધ કરશે



કોરોનાની સારવાર માટે વપરાતી મોટા ભાગની મેડિકલ સામગ્રી જેવી કે કોવિડ-૧૯ ટેસ્ટિંગ કીટ અને ફેસ માસ્ક હવે માર્કેટમાં સસ્તા દરે ઉપલબ્ધ થયા હોવાથી કેન્દ્ર સરકારે મહારાષ્ટ્ર સરકારને માહિતી આપી છે કે હવે ઓક્ટોબર મહિનાથી કેન્દ્ર સરકાર આ મેડિકલ સામગ્રીનો પુરવઠો પૂરો પાડવાનું બંધ કરશે.

હવેથી કોરોનાના દર્દીની સારવાર કરી રહેલી હોસ્પિટલ અને મેડિકલ સ્ટાફને આવશ્યક તમામ મેડિકલ સામગ્રીની ખરીદી રાજ્ય સરકારે પોતાની રીતે કરવાની રહેશે.

રાજ્યના આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર કોરોના વાયરસનું સંક્રમણ ફેલાવાની શરૂઆત થઇ ત્યારે દેશમાં કોઈ પણ કંપની કોરોના સંબંધિત ઈક્વિપમેન્ટનું ઉત્પાદન કરતી નહોતી. જો કે હવે માર્કેટમાં ઘણાં સપ્લાયર્સ છે તેમજ મેડિકલ ઈક્વિપમેન્ટના ભાવમાં પણ ઘટાડો થયો છે, તેથી રાજ્ય સરકારે સર્વ મેડિકલ સામગ્રીની ખરીદી જાતે કરી શકે છે. કેન્દ્ર દ્વારા અપાતી આરટી-પીસીઆર ટેસ્ટિંગ કીટ રાજ્યને ૧૮૦૦ રૂપિયામાં પડે છે, પરિણામે દર્દીને દરેક કીટ દીઠ રૂ. ૨૫૦૦ ખર્ચ કરવા પડે છે. આ કીટ હવે માર્કેટમાં ૪૦૦-૬૦૦માં મળી રહી છે અને તેનો ફાયદો દર્દીને પણ થશે.

કેન્દ્ર સરકાર જે મેડિકલ ઈક્વિપમેન્ટ ઉપલબ્ધ કરાવે છે, તેમાં પર્સનલ પ્રોટેક્શન ઈક્વિપમેન્ટ (પીપીઈ), આરટી-પીસીઆર કીટ્સ, વેન્ટીલેટર્સ, એન-૯૫ માસ્ક, અન્ય દવાઓ અને ઓક્સિજન સપ્લાય યુનિટનો સમાવેશ થાય છે. આરટી-પીસીઆર કીટને બાદ કરતાં મહારાષ્ટ્રમાં આવશ્યક કુલ મેડિકલ ઈક્વિપમેન્ટના ૨૦ ટકા જેટલો પુરવઠો કેન્દ્ર સરકાર કરે છે.

**વોઈસ ઓફ ઘાટકોપર**

**ક્લાસિફાઈડ જાહેરાત (1 વર્ષ)**

**સ્પેશિયલ ઓફર**

15 શબ્દના ~~Rs.5200~~ Rs.1500

16 શબ્દના ~~Rs.5408~~ Rs.1600

17 શબ્દના ~~Rs.5616~~ Rs.1700

18 શબ્દના ~~Rs.5824~~ Rs.1800

19 શબ્દના ~~Rs.6032~~ Rs.1900

20 શબ્દના ~~Rs.6240~~ Rs.2000

022-40229684 • 8655185667

*શરતો લાગુ +5% GST Applicable



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

જ્યોતિષ વિશારદ્ • વાસ્તુશાસ્ત્રી • જેમોલોજિસ્ટ

સમીર સેજપાલ : ૯૮૧૯૨૯૮૪૦૪ (તા.૧૧ સપ્ટેમ્બર – ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૦)

**મેષ (અ,લ,ઈ) :** તમારી કિસ્મત કી હવા કભી ગરમ તો કભી નરમ જેવી સ્થિતિ હશે. કામકાજમાં તમને ધીમે ધીમે સફળતા મળી રહેશે, પરંતુ ભાવનાત્મક સ્તરે નકારાત્મકતા ઘેરી વળશે. અમુક લોકો તમારા વિશે ગેરસમજ કરે એવી શક્યતા હોવાથી તમારે વધારે સતર્ક રહેવાની જરૂર છે. તમારી સામે જે સંજોગો આવીને ઊભા રહે એના પ્રમાણે ઢળી જવાની ખાસ સલાહ છે. ભૂતકાળના નકારાત્મક બનાવોને યાદ કરીને રંજ કરવાનો કોઈ અર્થ નથી. તમારે જોમપૂર્વક આગળ વધવું અને સકારાત્મક દિશામાં શક્તિ વાપરવી, સમજ્યાને? નોકરિયાતો પરનો કામનો બોજ વધવાની પૂરેપૂરી શક્યતા છે. **સ્ત્રીવર્ગ માટે :** કોઈપણ સંજોગોમાં તમારે પોતાની માન્યતાને દ્રઢપણે વળગી રહેવાનો સમય છે. ધીરજ રાખવી અને પ્રતિકૂળ બનાવોથી હતાશ થવું નહીં.

**વૃષભ (બ,વ,ઉ) :** હાલ તમારી સામે થોડીક મુશ્કેલીઓ આવશે. પરંતુ તમે વધુ મહેનત કરીને કામ આસાન કરી દેશો એમ જણાય છે. લોકો તમારા ઉદાર સ્વભાવનો ગેરલાભ લે એવી શક્યતા છે. તમારા શુભેચ્છક હોવાનો ડોળ કરનારી વ્યક્તિઓથી સાવધાન રહેવાની સલાહ છે. તમારા વિરોધીઓ તમારી માનસિક શાંતિ ડહોળવાનો ઘણો પ્રયાસ કરશે. આમ છતાં તમારા પર એની કોઈ ખાસ અસર નહી થાય એમ દેખાય છે. સ્વાસ્થ્ય બાબત સમય ચિંતાજનક છે. તમારે ખાણીપીણી અને જીવનશૈલી વિશે નવેસરથી વિચાર કરવાની જરૂર છે. તમારામાંના અમુક જાતકોને પ્રવાસે જવાનું થાય એવા યોગ છે. આ પ્રવાસ અણધાર્યો હશે, પરંતુ તમારા માટે એ ઘણો લાભદાયક ઠરશે. **સ્ત્રીવર્ગ માટે :** કોઈક અપ્રિય શબ્દો બોલશે તો તમને માઠું લાગી શકે એવા યોગ છે.

**મિથુન (ક,છ,ઘ) :** આ સમયમાં તમે પારિવારિક પ્રશ્નોનો હલ લાવવામાં વ્યસ્ત રહેશો. એને લીધે આસપાસના બનાવોનો તમે સંપૂર્ણપણે આનંદ નહી લઈ શકો એમ જણાય છે. તમારે ધારી અસર કરવા માટે પોતાની લાગણીઓને આવેશપૂર્વક અને આગ્રહીપણે વ્યક્ત કરવાની જરૂર છે. લાગણીઓના જાળામાં ગૂંચવાઈ ન જવાની ખાસ સલાહ છે. તમારા વર્તુળમાંના લોકોને તમારું ખરું મૂલ્ય સમજાશે અને એને પગલે તમારા પ્રત્યેનું માન વધી જશે એવા પ્રબળ યોગ છે. તેઓ અંગત બાબતોમાં પણ તમારી પાસે માર્ગદર્શન લેવા આવી શકે છે, એ માટે તૈયાર રહેજો. નોકરી કરનાર વર્ગને કોઈ નવી ઓફર મળી શકે છે. **સ્ત્રીવર્ગ માટે :** તમારા કામકાજનું કોઈ સમયપત્રક નહી હોવાથી તમે કંટાળી ગયા છો. કોઈ રચનાત્મક કાર્ય કરો તો વધારે સારું.

**કર્ક (ડ,હ) :** તમે સંતાનોની વધતી જતી માગ પૂરી કરવાની દૃષ્ટિએ કામકાજમાં ઝડપી પ્રગતિ કરવા ઈચ્છુક હોવાથી ઘણી જ મહેનત કરવા આતુર છો. હાલ તમે ભાવિ યોજનાઓનો અમલ કરવા પ્રતિબધ્ધ થઈ જશો અને તમે પોતાના અડગ વિશ્વાસને લીધે જે કોઈ કામ હાથમાં લેશો એમાં ઊત્કૃષ્ટ કામગીરી બજાવશો એવા સ્પષ્ટ યોગ છે. તમારામાંના અમુક જાતકોના હૃદયમાં કરુણા અને સ્નેહની સરવાણી ફૂટશે અને તમે સ્વજનો પર સ્નેહની વર્ષા કરશો એમ જણાય છે. જીવનસાથી સાથેના સંબંધને મજબૂત કરવા માટે સાનુકૂળ સમય છે. મનના ખૂણે ધરબી રાખેલી લાગણીઓને તેમની સાથે વહેંચી લેવી, સમજ્યાને? **સ્ત્રીવર્ગ માટે :** તમારે આસપાસના બનાવો પ્રત્યે વધારે સભાન રહેવાની જરૂર છે, કારણ કે એમાંથી ઘણી ઘટનાઓ તમારા જીવન પર સીધી અસર કરનારી હશે.

**સિંહ (મ,ટ) :** એમ તો તમને જે મળે એનાથી તમે સંતુષ્ટ રહો છો, પરંતુ હાલ તમારી મહત્વકાંક્ષા વધી જશે એવા યોગ છે. તમને જે જોઈતુ હોય એ મેળવવા માટે ખંતપૂર્વક આગળ વધો એવી મારી ખાસ સલાહ છે. નવા સાહસો શરૂ કરવા માટે તથા આયોજનોને અમલમાં મૂકવા માટે સમય સાનુકૂળ છે. આમ કરતી વખતે આસપાસના લોકોની શુભેચ્છાઓ અવશ્ય પ્રાપ્ત કરજો, એ તમારે માટે અનમોલ ખજાનો બની રહેશે, સમજ્યાને? તમે પોતાના આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતાના જોરે તમામ કાર્યોમાં ધીમે ધીમે આગળ વધી શકશો એમ સ્પષ્ટ જણાય છે. તમારા ગતિશીલ વ્યક્તિત્વને લીધે લોકો તમારા તરફ આકર્ષિત થશે એ નક્કી છે. **સ્ત્રીવર્ગ માટે :** તમારા પરનો કામનો બોજ વધવાની શક્યતા છે. જો કે એનાથી તમે હેરાન નહી થાઓ એમ જણાય છે.

**કન્યા (પ,ઠ,ણ) :** તમારા વ્યવસાયી જીવન કરતા અંગત જીવનને વધુ પ્રાધાન્ય મળશે એવા યોગ છે. હાલ તમે સ્વજનોને સમય આપવા માટે કામકાજની જવાબદારીઓને અમુક સમય માટે બાજુએ મૂકી દેશો એમ જણાય છે. આર્થિક દૃષ્ટિએ જોઈએ તો તમને આવકનું નવુ સાધન મળી શકે છે. અચાનક તમારી સર્જનશક્તિ ખીલી ઊઠશે અને એની મદદથી આગળ જતાં તમે પોતાની સમસ્યાઓના હલ માટેના નવા રસ્તા શોધી કાઢશો એ નક્કી છે. તમારામાંના અમુક જાતકોને જૂના મિત્રની સાથે ભેટો થઈ જવાની શક્યતા ઘણી વધારે છે. એ મુલાકાતથી તમે એકદમ ખુશખુશાલ થઈ જશો અને સંભારણા તાજા કરશો એમ દેખાય છે. **સ્ત્રીવર્ગ માટે :** તમારી સકારાત્મકતાને ટકાવી રાખજો. તમારી અંદર સુષુપ્ત રહેલી સર્જનશક્તિને ખીલવવા માટે કોઈ હોબી વિકસાવો તો સારું.

**તુલા (ર,ત) :** ઘણી વખત તમે જિદ્દી અને અક્કડ વલણ અપનાવતા હોવાથી તમારા માર્ગમાં બિનજરૂરી અવરોધો ઊભા થાય છે. તમારે અભિગમ બદલીને સૌની સાથે સુમેળપૂર્વક રહેવું જોઈએ એમ મને લાગે છે. હાલ તમારે જડતાનો ત્યાગ કરવો અને તમે ઘણા વખતથી અમુક બાબતે રાખેલો અણગમો છોડી દેવો. તમારી અંદરની સકારાત્મકતાને ટકાવી રાખજો અને તમારી શક્તિઓને સન્માર્ગે વાળજો એવી મારી ખાસ સલાહ છે. નોકરી કરનાર મિત્રોએ સાવચેતીભર્યું વલણ અપનાવવું, કારણ કે એકાદ ઊતાવળિયો નિર્ણય તમારી લાંબા સમય સુધી કરેલી મહેનત પર પાણી ફેરવી શકે છે. તમારે ચિત્તને શાંત રાખવું અને હળવે હલેસે કામ લેવું, સમજ્યાને? **સ્ત્રીવર્ગ માટે :** તમારે પોતાની પ્રાથમિકતાઓ નિશ્ચિત કરી લેવી. વધુ પડતો ખર્ચ થઈ જાય નહી એ વાતનું ધ્યાન રાખવું.


**વૃશ્ચિક (ન,ય) :** કામ-ધંધામાં તથા આર્થિક બાબતોમાં કપરા સમયનો સામનો કરવા માટેની તૈયારી રાખવી પડશે. એક પછી એક પ્રતિકૂળ બનાવ બની રહ્યો હોવાથી તમે નિરાશ અને ઊદાસ પણ થઈ જશો એમ દેખાય છે. હાલ તમારે ધીરજ રાખ્યા વગર છૂટકો નથી. જો તમે લાગણીઓને અંકુશમાં નહી રાખો તો તમારા કામમાં ખલેલ પડશે. આથી તમારે મનને બદલે મગજનું ધાર્યું થવા દેવું અને નકારાત્મકતાનો ત્યાગ કરીને થોડું આત્મચિંતન કરવું એવી મારી સલાહ છે. અત્યારે તમને સમજાઈ જશે કે સંપૂર્ણ ક્ષમતાથી કામ કરવા માટે શારીરિક રીતે સજ્જ રહેવું જરૂરી છે. તમે આરોગ્યની બાબતે ઘણા સભાન થઈ જશો એવા યોગ છે. **સ્ત્રીવર્ગ માટે :** તમે પરિવારજનોની ઈચ્છાઓ પૂરી કરવા પર ધ્યાન આપી રહ્યા છો, પરંતુ આમ કરવા જતાં તમારો ખર્ચ ઘણો વધી જાય નહી એ વાતનું ધ્યાન રાખવું જરૂરી છે.

**ધન (ભ,ધ,ફ,ઢ) :** હાલ જોખમ ખેડતા અટકવું નહીં, કારણ કે જોખમ ખેડવાથી તમને લાભ મળવાની શક્યતા છે. આ સમયમાં વ્યવસાયની બાબતે તમારા મનમાં ઘણી સ્પષ્ટતા થઈ જશે. સફળતાના માર્ગમાં આવી રહેલા અવરોધો આપોઆપ દૂર થઈ જશે એવા યોગ છે. અન્યોને પ્રેરણા આપવાની તમારી ખૂબી પણ અત્યારે કેન્દ્રસ્થાને રહેશે. કોઈ તકલીફમાં સપડાયેલી વ્યક્તિને મદદ કરવા માટે તમને બોલાવવામાં આવે એમ દેખાય છે. તમારામાં ભરપૂર ઊત્સાહ હોવાથી તમે સહાય કરવા તરત જ તૈયાર થઈ જશો એ નક્કી છે. તમારામાંના અમુક જાતકો આધ્યાત્મિકતા તરફ વળી જશે અથવા તો માનસિક શાંતિ અને સ્વસ્થતા મેળવવા માટે મેડિટેશન કરશે એમ જણાય છે. **સ્ત્રીવર્ગ માટે :** : તમે વધુ પડતો ખર્ચ કરી નાખો એવી શક્યતા છે. જો કે બજેટ કરતાં વધારે ખર્ચ નહી કરવાની તકેદારી લેવી.

**મકર (ખ,જ) :** તમારા માર્ગમાં અનેક અવરોધો આવશે. એમ છતાં તમે તમારા લક્ષ્યો પૂરા કરવા આગળ વધશો એમ સ્પષ્ટ દેખાય છે. તમારો આત્મવિશ્વાસ ચરમસીમાએ હોવાથી તમારું કામ જોઈને તમારા વર્તુળમાંના બધા લોકોને આશ્ચર્ય થશે તથા તેઓ તમારાથી પ્રભાવિત થઈ જશે એ નક્કી છે. ગ્રહમાન તમારી તરફેણમાં હોવાથી દરેક મોરચે તમારું કામ ધીમેધીમે આસાન બનશે, પરંતુ એ માટે તમારે ખૂબજ પરિશ્રમ કરવો પડશે એવા યોગ છે. તમારા જૂના મિત્રો તમને અમુક મુશ્કેલીઓમાંથી બહાર નીકળવામાં મદદ કરશે એમ જણાય છે. તમારી સ્વયંસ્ફુરણા અણીના સમયે તમને કોઈ બાબતે ઊગ્ર પગલા લેતા અટકાવશે અને તમે છેતરાતા બચી જશો. આ બધુ તમારા ગ્રહમાનને આભારી છે, સમજ્યાને? **સ્ત્રીવર્ગ માટે :** જીવનસાથીને દરેક કામમાં મદદ કરજો, જેથી કામ ઝડપથી પૂરા થઈ શકે.

**કુંભ (ગ,સ,શ,ષ) :** હાલ તમે વાતવાતમાં ગુસ્સે થઈ જશો. જીભાજોડી ટાળવા માટે અને કોઈને માઠુ ન લાગે એ માટે ગુસ્સા પર કાબૂ રાખવો જરૂરી છે. તમે થોડા મિજાજી પણ બની જશો અને તાજેતરના બનાવો વિશે ચિંતન-મનન કરવા માટે એકલા રહેવાનું પસંદ કરશો એમ જણાય છે. નવો બિઝનેસ કરવામાં કે નવો સોદો કરવામાં સાવધાની રાખવાની સલાહ છે. નોકરી કરનાર વર્ગે થોડીક ટીકાઓનો સામનો કરવો પડે એવી શક્યતા છે. જોકે તેઓ કળપૂર્વક કામ લઈને પરિસ્થિતિને સંભાળી લેશે એમ સ્પષ્ટ દેખાય છે. આ સમયે આરોગ્યને લગતી ચિંતા થઈ શકે છે. જોકે એ તકલીફ ઘણી ગંભીર નહી હોય. તમે થોડા જ દિવસોમાં ફરી સ્વસ્થ થઈ જશો એ નક્કી છે. **સ્ત્રીવર્ગ માટે :** તમારે પરિવાર પાછળ થોડો ખર્ચ કરવો પડશે. કદાચ ઘરના કોઈ વડીલની કે સંબંધીની તબિયત સારી ન હોવાથી તેમની સારવાર પાછળ ખર્ચ થઈ શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :** તમને પોતાની કળાત્મક આવડત દર્શાવવાની તક મળશે. તમારે કલ્પનાના ઘોડા છૂટા મૂકી દેવા, જેથી તમારી જોરદાર છાપ પડે. હવે તમારી નાણાંકીય સ્થિતિ સુધરવાનો સમય શરૂ થઈ રહ્યો છે. બોલવામાં સાવધ રહેવું. કોઈની કૂથલી કરવી નહી અથવા કોઈના પર દોષારોપણ કરવું નહી. તમારે એક સાથે એક જ સમસ્યાને હાથમાં લેવી અને એનો હલ લાવ્યા પછી બીજી પર ધ્યાન આપવું એવી મારી સલાહ છે. મારું જો માનતા હો તો અત્યારના સંજોગોમાં તમારે વધુ નમ્ર બનીને રહેવું. આમ છતાં જિજ્ઞાસુવૃત્તિ અને સર્તકતા તેજ રાખવી. હવે પછીના મુકામે સફળતા મળવાની જ છે, સમજ્યાને? તમારામાંના અમુક જાતકોને પ્રવાસનાં યોગ છે, શક્ય હોય તો આ યાત્રાને ટાળવાનો પ્રયાસ કરો તો સારું. **સ્ત્રીવર્ગ માટે :** તમારું મન પરિવારજનો તરફ અને તેમને ખુશ કરવા માટે શું કરવું એના તરફ ફંટાયા કરશે. તમારી ડહોળાયેલી શાંતિ આ રીતે ફરી સ્થાપિત થઈ જશે.





# શ્રીમદ્ રાજચંદ્ર વિચાર રત્નો

– સંકલન : વિજય બોટાદરા

• ભોગ ભોગવતાં સુધી (જ્યાં સુધી તે કર્મ છે ત્યાં સુધી) મને યોગ જ પ્રાપ્ત રહો!

• સર્વ શાસ્ત્રનું એક તત્ત્વ મને મળ્યું છે એમ કહું તો મારું અહંપદ નથી.

• ન્યાય મને બહુ પ્રિય છે. વીરની શૈલવી એ જ ન્યાય છે. સમજવું દુર્લભ છે.

• પવિત્ર પુરૂષોની કૃપાદ્રષ્ટિએ જ સમ્યક દર્શન છે.

• ભર્તુહરિએ કહેલો ત્યાગ વિશુદ્ધ બુદ્ધિથી વિચારત ઘણી ઊર્ધ્વજ્ઞાન દશા થતાં સુધી વર્તે છે.

• કોઈ ધર્મથી હું વિરૂદ્ધ નથી. સર્વ ધર્મ હું પાળું છું. તમે સઘળા ધર્મથી વિરૂદ્ધ છો એમ કહેવામાં મારો ઉત્તમ હેતુ છે.

• તમારો માનેલો ધર્મ મને ક્યા પ્રમાણથી બોધો છો તે મારે જાણવું જરૂરનું છે.

• શિથિલ બંધ દ્રષ્ટિથી નીચે આવીને જ વિખેરાઈ જાય. (જો નિર્જરામાં આવે તો.)

• કોઈ પણ શાસ્ત્રમાં મને શંકા ન હો.

• દુઃખના માર્યા વૈરાગ્ય લઈ જગતને આ લોકો ભ્રમાવે છે.

• અત્યારે હું કોઈ છું એનું મને પૂર્ણ ભાન નથી.

• તું સત્યપુરૂષનો શિષ્ય છે.

• એ જ મારી આકાંક્ષા છે.

• મને કોઈ ગજસુકુમાર જેવો વખત આવો.

• કોઈ રાજેમતી જેવો વખત આવો.

• સત્પુરૂષો કહેતા નથી, કરતા નથી, છતાં તેની સત્પુરૂષતા નિર્વિકાર મુખમુદ્રામાં રહી છે.

• સંસ્થાનવિચયધ્યાન પૂર્વધારીઓને પ્રાપ્ત થતું હતું એમ માનવું યોગ્ય લાગે છે. તમે પણ તેને ધ્યાવન કરો.

• આત્મા જેવો કોઈ દેવ નથી.

• કોણ ભાગ્યશાળી? અવિરતિ સમ્યગદ્રષ્ટિ કે વિરતિ?

• કોઈની આજીવિકા તોડશો નહીં.




# ભારતમાં કોરોનાનો સૌથી મોટો ઉછાળો, એક દિવસમાં ૯૫ હજાર નવા કેસનો રેકોર્ડ

ગુરુવાર, તા.૧૦-૯-૨૦૨૦: ભારતમાં કોરોના વાઇરસના સંક્રમણના કેસોમાં અત્યાર સુધીનો સૌથી મોટો ઉછાળો આવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૯૫,૭૩૫ કોરોના વાઇરસના નવા કેસો આવ્યા છે. જે અત્યાર સુધીમાં એક દિવસમાં આવનારા કેસોમાં સૌથી વધારે છે. આ સાથે જ ભારત કોરોના વાઇરસના કેસોમાં ૪૪ લાખના આંકડાને પાર કરી ગયું છે. ભારતમાં કોરોના વાઇરસના સંક્રમિતોનો કુલ આંકડો ૪૪,૬૫,૮૬૪ પર પહોંચી ગયો છે. સાથે જ ભારતમાં કોરોના વાઇરસના ઍક્ટિવ કેસોની સંખ્યામાં પણ વધારો થયો છે. હાલ ભારતમાં કુલ ૯,૧૯,૦૧૮ ઍક્ટિવ કેસ છે. છેલ્લાં ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાઇરસથી સંક્રમિત ૧,૧૭૨નાં લોકોનાં મોત થયાં છે. આ સાથે કોરોનાને કારણે મૃત્યુ પામનારાની કુલ સંખ્યા ૭૫,૦૬૨ થઈ ગઈ છે. વિશ્વમાં કોરોના વાઇરસનું સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. અમેરિકા બાદ વિશ્વમાં સૌથી વધારે કોરોના વાઇરસના સંક્રમિતોની સંખ્યા ધરાવતા દેશમાં ભારત બીજા નંબરે છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાઇરસના ૧,૩૨૯ નવા કેસ નોંધાયા છે, જ્યારે વધુ ૧૬ દરદીનાં મૃત્યુ થયાં છે. ગુજરાતના આરોગ્ય અને કુટુંબકલ્યાણ વિભાગને ટાંકીને સમાચાર સંસ્થા પીટીઆઈ જણાવે છે કે આ સાથે જ રાજ્યમાં ચેપગ્રસ્તોનો કુલ આંક વધીને ૧,૦૮,૨૯૫ થઈ ગયો છે. જ્યારે કુલ મૃતાંક ૩,૧૫૨ થઈ ગયો છે.

**ગુજરાતમાં નોંધાયા કોરોનાના વધુ ૧૨૯૫ કેસ, ૧૩ દરદીઓનાં મૃત્યુ**

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાઇરસના ૧,૨૯૫ કેસ નોંધાયા છે. જ્યારે ૧૩ દરદીઓનાં મૃત્યુ થયાં છે. રાજ્યમાં કુલ દર્દી ઓની સંખ્યા ૧,૦૬,૯૬૬એ પહોંચી છે. જ્યારે મૃતકાંક ૩૧૩૬એ પહોંચ્યો છે. મંગળવારે સુરતમાં સૌથી વધારે મૃત્યુ સુરતમાં થયાં હતાં. સુરતમાં ૬, અમદાવાદમાં ત્રણ અને રાજકોટમાં બે દર્દીનાં મૃત્યુ થયાં છે. સુરતમાં ૨૬૫, અમદાવાદમાં ૧૭૦, રાજકોટમાં ૧૩૪ અને વડોદરામાં ૧૨૪ કેસ નોંધાયા છે.


**ભારતમાં કોરોનાના કેસનો આંકડો ૪૩ લાખની નજીક**

ભારતમાં કોરોના વાઇરસનું સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે. છેલ્લાં ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાઇરસના સંક્રમણના નવા ૭૫,૮૦૯ કેસ આવ્યા છે. આ સાથે જ ભારતનો કોરોના વાઇરસના સંક્રમિતોનો કુલ આંકડો ૪૩ લાખની પાસે પહોંચી ગયો છે. દેશમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૪૨,૮૦,૪૨૩ થઈ ગઈ છે. ભારત કોરોના વાઇરસના મામલે હાલ વિશ્વમાં બીજા નંબરે છે. અમેરિકામાં સૌથી વધુ કોરોના વાઇરસના સંક્રમિતોની સંખ્યા છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોના વાઇરસના કારણે કુલ ૭૨,૭૭૫ લોકોનાં મોત થયાં છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં ૧,૧૩૩ લોકોનાં કોરોનાને કારણે મોત થયાં છે. હાલ ભારતમાં કોરોનાના ઍક્ટિવ કેસની સંખ્યા ૮,૮૩,૬૯૭ છે જ્યારે ૩૩,૨૩,૯૫૧ લોકો અત્યારસુધીમાં સાજા થયા છે.

**અમદાવાદમાં કોવિડ-૧૯ના નિયમોનું પાલન ન કરાતાં એક કરોડના દંડની નોટિસ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પી.એસ.પી પ્રોજેક્ટને રૂપિયા એક કરોડનો દંડ કરવા શો-કોઝ નોટિસ પાઠવી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને તેની નોટિસમાં જણાવ્યું કે 'એ.એમ.સી. દ્વારા તારીખ ૧૩ ઑગસ્ટ, ૨૦૨૦થી કામકાજના સ્થળે કોવિડ-૧૯ના ચેપને ફેલાતો અટકાવવા માટે સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે ૩૦થી વધુ કર્મચારી ધરાવતી પ્રત્યેક સંસ્થાના માલિકોએ તેઓની સંસ્થામાં કોવિડ કો-ઑર્ડિનેટરની નિમણૂક કરીને તેની જાણ



સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારીને કરવાની રહે છે.' પી.એસ.પી.ની જીએમડીસી ગ્રાઉન્ડ અને પેલેડિયમ મોલ સાઇટ (ઝાયડસ હોસ્પિટલ પાસે આવેલી) પ્રોજેક્ટની બાંધકામ સાઇટ મામલે આ નોટિસ આપવામાં આવી છે. નોટિસમાં જણાવવામાં આવ્યું કે 'બોડકદેવ યુએચસી મેડિકલ ટીમ અને થલતેજ યુએચસી મેડિકલ ટીમ દ્વારા સાઇટ પર કામ કરતાં કામદારોના ટેસ્ટિંગની કામગીરી વખતે લગભગ ૨૭૭ કાર્યકરો કોવિડ-૧૯થી પોઝિટિવ મળ્યા હતા.'

નોટિસમાં એમ પણ જણાવ્યું હતું કે આ તમામને મેડિકલ ટીમ દ્વારા તાત્કાલિક સારવાર આપાવમાં આવી હતી અને તેઓને જરૂરી તબીબી સારવાર અર્થે કોવિડ કેર સેન્ટર/કોવિડ હોસ્પિટમલાં ખસેડવામાં આવ્યા હતા.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ જ્યારે આ બંને સાઇટની રૂબરૂ મુલાકાત લીધી ત્યારે સોશિયલ ડિસ્ટન્સિંગ અને વ્યક્તિગત સફાઈની વ્યવસ્થાનાં ધોરણો પણ ન જળવાયાં હોવાનું ધ્યાને આવ્યું હતું.

નોટિસ અનુસાર, 'પી.એસ.પી. પ્રોજેક્ટની મેનેજિંગ ઑથોરિટી દ્વારા કોવિડ-૧૯ને અટકાવવા માટેનાં જરૂરી પગલાં ભરવામાં ઉપેક્ષા, બેરદકારી અને સરકારના આદેશની અવગણના, એએમસીના આદેશ પ્રમાણે કોવિડ કો-ઑર્ડિનેટરની નિમણૂક નહીં કરતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તારીખ ૭ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ શો કોઝ નોટિસ આપવામાં આવી છે અને તેને લેખિતમાં જવાબ આપવા માટે ત્રણ દિવસનો સમય આપ્યો છે.' કોર્પોરેશન દ્વારા એપેડેમિક ડિસીઝ ઍક્ટ ૧૮૯૭ની કલમ-૨ અને અન્ય નિયમો અને હુકમો હેઠળ શો કોઝ નોટિસના ત્રણ દિવસમાં રૂપિયા એક કરોડની રકમ દંડપેટે જમા નહીં કરાવવા અંગેનો ખુલાસો પણ કરવા નોટિસમાં જણાવ્યું છે.

**ભારત સંક્રમણમાં વિશ્વમાં બીજા ક્રમે, બ્રાઝિલને પાછળ છોડ્યું**

આજે સવારે સ્વાસ્થ્ય અને પરિવારકલ્યાણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર ૨૪ કલાકમાં ભારતમાં ૯૦ હજાર કેસ નોંધાયા છે. આ સાથે જ ભારત સૌથી વધારે કોરોના સંક્રમણ ધરાવતા દેશોની યાદીમાં બીજા ક્રમે આવી ગયું છે. ભારતમાં કોરોના વાઇરસના સંક્રમણના કુલ ૪૨,૦૪,૬૧૪ કેસ નોંધાયા છે અને ૭૧,૬૪૨ મૃત્યુના મામલા નોંધાયા છે. મૃતકાંકના મામલે ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે. છેલ્લા એક અઠવાડિયાની સ્થિતિ પર નજર કરીએ તો ભારતમાં દરરોજ ૭૦-૭૫ હજાર કરતાં વધારે સંક્રમણના મામલા નોંધાયા છે. મોટાભાગના ઍક્ટિવ કેસ આંધ્ર પ્રદેશ, તામિલનાડુ, કર્ણાટક, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં નોંધાઈ રહ્યા છે. આ સાથે જ રાજધાની દિલ્હીમાં પણ કેસોની વધતી સંખ્યા જોવા મળી હતી.

**ભારતમાં કોરોનાના કેસ ૪૨ લાખને પાર**

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાઇરસના અત્યાર સુધીના સૌથી વધારે મામલા સામે આવ્યા છે. એક જ દિવસમાં દેશમાં કોરોના વાઇરસના ૯૦ હજારથી વધારે કેસ આવ્યા છે. સોમવારે સવારે આવેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૯૦,૮૦૨ નવા મામલા આવ્યા છે અને કુલ ૧,૦૧૬ લોકોનાં મોત થયાં છે. આ સાથે જ ભારતમાં કોરોના વાઇરસના સંક્રમણનો કુલ આંકડો ૪૨ લાખને પાર થઈ ગયો છે. અત્યાર સુધીમાં દેશમાં ૪૨,૦૪,૬૧૪ લોકો કોરોના વાઇરસના સંક્રમણમાં આવી ચૂક્યા છે. દેશમાં કોરોના વાઇરસને કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા પણ ૭૧ હજારને પાર થઈ ગઈ છે. દેશમાં કોવિડ-૧૯ને કારણે ૭૧,૬૪૨ લોકોનાં મોત થયાં છે. કોરોના વાઇરસના કુલ કેસના મામલે ભારત હાલ અમેરિકા બાદ વિશ્વમાં બીજા નંબર છે.

**વિશ્વમાં કોરોનાથી ૮ લાખ કરતાં વધુનાં મોત**

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન પ્રમાણે વિશ્વભરમાં કોરોના વાઇરસના સંક્રમણના કુલ ૨,૬૭,૬૩,૨૧૭ કેસ થયા છે. જ્યારે કોરોના વાઇરસના કારણે ૮,૭૬,૬૧૬ લોકોનાં મોત થયાં છે. વિશ્વભરમાં ૨૧૬ દેશોમાં કોરોના વાઇરસનું સંક્રમણ ફેલાયું છે. સૌથી વધારે કોરોના વાઇરસના કેસ અમેરિકામાં છે, જે બાદ ભારત બીજા નંબરે છે. ગત અઠવાડિયા સુધી ભારત વિશ્વભરમાં ત્રીજા નંબરે હતું. જોકે, છેલ્લા અઠવાડિયાથી ભારતમાં સતત ૮૦ હજાર કરતાં વધારે કેસ આવતાં તે બ્રાઝીલને પાછળ છોડી કોરોનાના સંક્રમણમાં આગળ નીકળી ગયું છે. કોરોના વાઇરસના સંક્રમણના મામલે સૌથી વધુ કેસ ધરાવતા પાંચ દેશ આ મુજબ છે.

અમેરિકા ૬૧,૪૪,૧૩૮, ભારત ૪૨,૦૪,૬૧૪, બ્રાઝીલ ૪૦,૯૨,૮૩૨, રશિયા ૧૦,૨૫, ૫૦૫, પેરુ ૬,૭૬,૮૪૮

**મહારાષ્ટ્ર રાજ્યમાં કોરોનાના કુલ કેસ ૯૬૭૩૪૯**

રાજ્યમાં બુધવારે કોરોનાના નવા દર્દીની નોંધણીનો સર્વોચ્ચ આંકડો નોંધાયો હતો અને ૨૪ કલાકમાં ૨૩,૮૧૬ નવા દર્દી સાથે જ કોરોના ગ્રસ્તોની સંખ્યા ૯,૬૭,૩૪૯ પર પહોંચી હતી. રાજ્યમાં સૌથી વધુ કોરોના દર્દી પુણે મનપા વિસ્તારમાં ૨,૩૪૦ નોંધાયા હતા જ્યારે મુંબઈ મહાનગરપાલિકા વિસ્તારમાં ૨,૨૨૭, પુણે ગ્રામીણમાં ૧૫૭૩ પિંપરી-ચિંચવડમાં ૧૨૧૫, અને નાગપુરમાં ૧,૫૬૭ નવા દર્દી નોંધાયા હતા. આ સાથે મુંબઈ સર્કલમાં ૬,૨૩૪ અને પુણે સર્કલમાં ૬,૫૯૧ નવા દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૩,૯૦૬ દર્દી સાજા થઈને ઘરે જતાં ડિસ્ચાર્જ થનારા દર્દીની સંખ્યા ૬,૮૬,૪૬૨ થઈ છે. રાજ્યમાં ૨,૫૨,૭૩૪ એક્ટિવ કેસ છે. રાજ્યમાં કોરોનાને કારણે ૩૮૦ મોત થયા હતા, જેમાંથી મુંબઈમાં -૪૩, થાણે -૧૫ સહિત મુંબઈ સર્કલના ૮૩, નાશિક સર્કલના ૩૬, પુણે સર્કલના -૬૬, કોલ્હાપુર સર્કલના -૫૭, ઔરંગાબાદ સર્કલના -૧૨, લાતુર -૧૬, આકોલા -૧૩, નાગપુર -૩૯ અને અન્ય રાજ્યના ત્રણ કોરોના દર્દીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્યમાં મુંબઈ અને આસપાસના શહેરોમાં કોરોનાની સંખ્યા: મુંબઈ - ૧,૬૦,૭૪૪ થાણે શહેરમાં -૨૯,૭૬૦, થાણે ગ્રામીણમાં -૨૨,૬૩૭, નવી મુંબઈમાં ૩૨,૦૪૩, કલ્યાણ-ડોંબિવલીમાં ૩૬,૫૧૧, મીરા-ભાઈંદરમાં -૧૪,૭૮૫, વસઈ-વિરારમાં -૧૮,૯૭૯, નાશિકમાં -૩૪,૫૨૫, પુણેમાં ૧,૧૯,૨૯૧ અને પિંપરી-ચિંચવડમાં ૫૭,૧૦૫ કોરોના દર્દી હોવાનું રાજ્યસરકાર દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

Printed & Published by **Jayant Visanji Chheda,** Owned & Edited by **Jatin Jitendra Kothari** and Printed at : **MID DAY Infomedia Limited.,** R/843/3, TTC Industrial Area, MIDC Rabale, Navi Mumbai - 400 701. and Published at 601, Abhinandan Apt., Sarvodaya Nagar, Mulund (West), Mumbai - 400 080. • **E-mail : voiceofghatkopar@gmail.com • RNI : MAHGUJ/2008/28113**